Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૯ મો

અશાડ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી જુન

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩-૪-૦

પુસ્તક ૬૮ મું
અંક ૯ મો

અશાડ

વીર સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮



## अनुक्रमणिका


૧ શ્રી ઋષભદેવ સ્તવન ... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૭૯
૨ ધર્મનું ધ્યેય : જીવનની સર્વાંગી શુદ્ધિ (કોંના અધ્યક્ષશ્રીનું ભાષણ) ૧૮૦
૩ ઐક્યની ભૂમિકા ઊભી કરો ! ... ... (સ્વાગતાધ્યક્ષનું પ્રવચન) ૧૯૨
૪ ઓગણીશમા અધિવેશનના ઠરાવો ... ૧૯૫
૫ વ્યવહાર કૌશલ્ય : ૨ [૩૦૫-૩૦૬] ... ... (સ્વ૦ મૌક્તિક) ૧૯૯
૬ પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ... ૨૦૧


## "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને

# વિજ્ઞપ્તિ

આપને જણાવવાનું કે-આપની પાસે સં. ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ બંને સાલના લવાજમના રૂા. ૬-૮-૦ લેણા રહે છે. માસિકનું લવાજમ એટલું જ રાખવામાં આવ્યું છે કે જેમાં માંડ-માંડ "પ્રકાશ"નો ખર્ચ નીકળી શકે. આ સંયોગોમાં "ભેટ-પુસ્તક"ની વાત વિચારણીય બની જાય છે, છતાં ભેટ બુક આપવાનો નિર્ણય કરેલ છે; તો આપશ્રીને જણાવવાનું કે-આપની પાસે લેણું પડતું લવાજમ રૂા. ૬-૮-૦ તથા ભેટ-બુકના પોસ્ટેજના બે આના મળી ૬-૧૦-૦ મનીઓર્ડરથી મોકલી આભારી કરશો. આપનું મનીઓર્ડર તા. ૫ મી જુલાઈ સુધીમાં નહીં આવે તો આપને ભેટ-પુસ્તક વી. પી.થી રવાના કરવામાં આવશે, તે સમયે શરતચૂકથી કે ગફલતથી વી. પી. પાછું ન ફરે તેની પૂરેપૂરી કાળજી રાખશો.



## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા.

[નવી આવૃત્તિ-અર્થ સાથે.]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધરેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઈનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના પોસ્ટેજ અલગ. લખો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૮ મું. અંક ૯ મો | : અશાડ : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

# શ્રી ઋષભદેવ સ્તવન*

( પ્રભાત રાગ–દેશી કડખાની. )

ઋષભ જિનરાજ તું માત મુજ હેતની, બાલ હું ચરણમાં નમન અર્પૂં;
દુઃખ મુજ મુખથકી પણ કહી નહી શકું, ભૂખ શાની મને તે ન પરખૂં. આંકણી.
મૂક હું સ્પષ્ટ નહીં શબ્દ ઉચ્ચરી શકું, માહરા શબ્દ નહીં અર્થ વહેતા;
માત તું પૂર્ણ જાણે મને ઓળખે, બાલનું દુઃખ મનમાંહી રહેતા. ૧
બાલ ચરણે કદી તીક્ષ્ણ કંટક ભરે, માતના નયનમાં નીર આવે;
તેમ આક્રંદ મુજ દીર્ઘ સુણતા થકા, માત કરુણા હજુ કેમ નાવે? ૨
બોલતા ચાલતા સ્પષ્ટ નાવે મને, માત વિણ કોણ મુજને રમાડે?
જનની વિણ કોણ વત્સલ કહો અધિક છે? બાલના દુઃખને જે નસાડે. ૩
મેં કરી વિવિધ ને દીર્ઘ આશાતના, બાલ જાણી ક્ષમા કીમ ન કરતા?
બાલ થાવે કદી કુમતિ પણ માત તો, છે દયાનિધિ જગે પ્રગટ વાર્તા. ૪
ક્ષણતણો પણ હવે અવધિ નહીં અંબ! મુજ, હાથ ઝાલી મને તાર માતા!
વિનતિ બાલેન્દુની સાંભળી જનનિ તું, હાથ લંબાવ મુજ ગીત ગાતા. ૫

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

* આ સ્તવનમાં ભક્ત–કવિ પ્રભુને માતાનું બિરુદ આપી, સ્તવના કરી, મુક્તિ માગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મનું ધ્યેય :: જીવનની સર્વાંગી શુદ્ધિ

**[ગત જેઠ વદિ ૬, ૭, ૮ શુક્ર, શનિ અને રવિના દિવસોમાં મુંબઈખાતે મળેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સુવર્ણ જયંતિ ઓગણીસમા અધિવેશનના પ્રમુખશ્રી જામનગરનિવાસી અમૃતલાલ કાલીદાસ દોશી, બી.એ.ના પ્રવચનનો સારભાગ ]**

આરોહ–અવરોહની અનેક ભૂમિકાઓ પસાર કરીને કોન્ફરન્સે પચાસ વર્ષની લાંબી મજલ પૂરી કરી છે; અને તે દરમિયાન શિક્ષણપ્રચાર, સાહિત્યપ્રકાશન, જૈનચેરની સ્થાપના, તીર્થોદ્ધાર, સાધર્મિક ભક્તિ, સમાજસુધારણા આદિ અનેકાનેક શુભ કાર્યો કરેલાં છે; એટલે તેની સુવર્ણજયંતી કોન્ફરન્સનું ઓગણીસમું અધિવેશન ભરીને તથા એના સ્થાપક **શ્રીમાન્ ગુલાબચંદજી ઢઠ્ઠાનું** યોગ્ય સન્માન કરીને કરવામાં આવે છે.

આ અધિવેશનના પ્રમુખપદનો ભાર ઉઠાવવા જેટલું શારીરિક અને માનસિક બળ મારી પાસે નહિ હોવા છતાં તેનો મેં એટલા જ કારણે સ્વીકાર કર્યો છે કે આપ બધા આ કાર્યમાં મને પૂરેપૂરો સહકાર આપશો અને એ રીતે આપણે સાથે મળીને ચતુર્વિધ સંઘ પરત્વેનું આપણું કર્તવ્ય યથાશક્તિ બજાવી શકીશું.

જૈન સમાજની ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિનું અવલોકન કરી યોગ્ય નિર્ણયો કરવા અને તેને અમલમાં મૂકવાની યોજનાઓ ઘડવી એ કોન્ફરન્સનો ઉદ્દેશ છે, તેથી આ વિષયમાં હું મારા વિચારો પ્રદર્શિત કરીશ.

## ધાર્મિક પરિસ્થિતિ.

આપ્ત પુરુષોએ ધર્મને મહામંગલકારી તથા સર્વ મનોરથોને સિદ્ધ કરનારો કહ્યો છે, તેથી તેનું આરાધન સર્વ કાલમાં સર્વ સ્થળે યોગ્ય મનાયું છે. આમ છતાં વર્તમાનકાળે ધર્મ પ્રત્યે એક જાતનો અણગમો વ્યક્ત થઇ રહ્યો છે અને કહેવામાં આવે છે કે 'ધર્મ એ એક પ્રકારનો કેફ છે, તેથી તેના પાલન–આરાધનમાં જે શક્તિ અને સમય પસાર કરવામાં આવે છે, તે નિરર્થક છે.' આ જાતના વિચારો અનેક ભોળા અને ભદ્રિક પુરુષોના આત્માને સંભ્રમ–વિભ્રમમાં નાખી દે છે અને તેમને એવો વિચાર કરતા કરી મૂકે છે કે 'ખરેખર અનેક સૈકાઓ સુધી ધર્મના નામે જનસમાજ ઉપર અત્યાચાર થઇ રહ્યો હતો અને તે અત્યાચારમાંથી છોડાવવાનું માન આ નવા વિચારનાં આંદોલનને ઘટે છે.' આ વિચાર આપણાથી દૂર હતો ત્યાં સુધી તો આપણે જોયા કર્યું અને ધારી લીધું કે આવા ક્ષુલ્લક વિચારો આ સૃષ્ટિ પર અનેક આવ્યા અને અનેકનો નાશ થયો કે જેની ઇતિહાસમાં નોંધ સરખી પણ લેવાઇ નથી. તાત્પર્ય કે–આપણે તેની પૂરેપૂરી ઉપેક્ષા કરી, પરંતુ આ સ્થિતિ શોચનીય છે. પાડોશીનું ઘર બળતું હોય ત્યારે જે બેસી રહે છે, તે પાછળથી પસ્તાય છે. આપણે તેવું કર્યું છે અને તેનું પરિણામ શું આવ્યું છે? આપણા અનેક યુવક–યુવતીઓનાં મન એ વિચારથી રંગાઇ ગયા છે. આપણા પ્રાજ્ઞ પુરુષોને હવે જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજાયું છે કે—આ વાદળાંઓને ભેદવાનો સબળ પ્રયાસ નહિ થાય તો છઠ્ઠે દિવસે મેઘલી રાત પ્રવર્તશે. વિચારકો અને લેખકો આ વિઘ્નસકારી વિચારને અનેક દૃષ્ટિએ નિહાળી રહ્યા છે અને તેનો ઊકેલ રજૂ કરી રહ્યા છે.

## બે દૃષ્ટિઓ.

એક દૃષ્ટિ એવી છે કે આ ભારતવર્ષ ઉપર અંગ્રેજોએ એકચક્રે દોઢ સૈકા સુધી રાજ્ય કર્યું, ત્યારે જે કેળવણીનો ક્રમ રજૂ કર્યો અને જે પ્રમાણે શિક્ષણ આપ્યું તેમાં પ્રોટેસ્ટન્ટ વૃત્તિનું પ્રાધાન્ય હતું. આ વૃત્તિ એવી છે કે તેમાં 'ભાવના'ને સ્થાન નથી, પણ 'બુદ્ધિ'ને સ્થાન છે. એટલે કે જે બુદ્ધિની સરાણે ચડી શકે તે જ તત્ત્વ ગ્રહણ કરવું. એક વખત આટલો નિર્દોષ દેખાતો સિદ્ધાંત કબૂલ થયો, એટલે પરિણામ એ આવ્યું કે મહર્ષિઓએ સેંકડો વર્ષ સુધી જે ગાયું હતું કે "અમારી બુદ્ધિને તે મહાન તત્ત્વ દોરો" તે નિરર્થક થવા લાગ્યું. અને આ કેળવણી પામેલા પુરુષો એમ વિચારતા થયા કે–'ભાવના' અવાસ્તવિક છે, જ્યારે 'બુદ્ધિ' સર્વસ્વ છે. આવી દૃષ્ટિ આવી એટલે શિક્ષિત સમાજ જો કે ખ્રિસ્તી થયો નહિ, પણ પ્રોટેસ્ટન્ટ તો જરૂર થયો. શિક્ષિત સમાજ સામાજિક અને રાજકીય હીલચાલોમાં દુન્યવી સુખને પ્રધાનપદ આપતો થયો અને તે પ્રમાણે સુખલાલસાની નાગચૂડમાં ફસાયો એટલે તેને છૂટવાનો આરો રહ્યો નહિ. આનો અર્થ એ નથી કે પ્રોટેસ્ટન્ટ વૃત્તિવાળો શિક્ષિત વર્ગ કોઇ પણ જાતનો ત્યાગ કરી શકતો નથી કે કોઇ પણ જાતનું કષ્ટ સહન કરી શકતો નથી; પરંતુ તે જે ત્યાગ કરે છે અને જે કષ્ટ સહન કરે છે તે ક્ષણિક અને આવેશયુક્ત હોય છે. હૃદયનાં ઊંડાણમાંથી વસ્તુઓ ત્યારે જ ઉત્પન્ન થાય છે કે જ્યારે તે ભાવનાપ્રધાન હોય. બીજું તેવો ત્યાગ કરવામાં અને કષ્ટ સહન કરવામાં વણિકવૃત્તિનું પ્રાધાન્ય હોય છે, એટલે કે ઉત્તરકાલીન લાભની અપેક્ષા હોય છે.

બીજી દૃષ્ટિ એમ કહે છે કે પ્રાચીન સમયમાં જીવનનું આધિપત્ય ધર્મને સોંપવામાં આવ્યું હતું, જ્યારે આજે તેનું ઉત્થાપન કરવામાં આવ્યું છે. કુદરતનો કાયદો છે કે કોઇ જગ્યા ખાલી રહી શકતી નથી. તે નિયમે 'ધર્મ' ગયો એટલે તેની જગ્યાએ 'સંસ્કૃતિ' આવી. ધર્મનું ધ્યેય જીવનની શુદ્ધિ છે; જ્યારે સંસ્કૃતિનું ધ્યેય જીવનની સમૃદ્ધિ છે. માત્ર જીવનની શુદ્ધિ ઉપર મંડ્યા રહેવાથી સંભવ છે કે જીવન નીરસ અને શૂન્ય જણાય, તેમજ માત્ર જીવનની સમૃદ્ધિ ઉપર મંડ્યા રહેવાથી સંભવ છે કે જીવન બોજારૂપ જણાય. અલબત્ત જીવનની નાની નાની બાબતોમાં પણ જો ધર્મની પકડ સમજણપૂર્વક કરવામાં ન આવે તો માનવતા રહેતી નથી, તેમજ સંસ્કૃતિ પણ સંકુચિત અર્થમાં ગ્રહણ કરવામાં આવે અને તેનો અર્થ માત્ર ગાવું, બજાવવું. નાચરંગ કરવા, સિનેમા જોવા, એવો કરવામાં આવે તો મનુષ્ય એશઆરામનો ગુલામ થઇ જાય અને મનુષ્યતા ગુમાવે. 'ધર્મ'માં જે તેજ અને આભા છે, તે હજી સુધી 'સંસ્કૃતિ' મેળવી શકી નથી; માટે જો માનવસમાજનું કલ્યાણ ચાહતા હોઇએ તો ધર્મનું તેજ, માનવતાના સંસ્કાર, ચારિત્રવાનોની વીરતા અને શ્રમજીવોની શ્રમવૃત્તિ, આ સઘળાંનો સમન્વય સાધવો જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજના સમાજના દરદની ચિકિત્સા આ પ્રમાણે જુદી જુદી દૃષ્ટિએ થઇ રહી છે. આ બંને દૃષ્ટિઓ વ્યાજબી અને સમજવા જેવી હોવાથી મેં આપની પાસે રજૂ કરી છે.

## ધર્મભાવનાની તપાસ.

અનેક પ્રસંગે આપણા નાયકોને મેં એ સવાલ પૂછતા સાંભળ્યા છે કે ' આ જમાનામાં શિક્ષિત વર્ગ ધર્મ ઉપર આટલી બધી ઉપેક્ષાવૃત્તિ કેમ ધરાવે છે ? ' આનો જવાબ ઉપરની બંને દૃષ્ટિમાં આવે છે. આ જમાનાની વિશિષ્ટતા એ છે કે સર્વ ચીજોનાં મૂલ્યાંકનો થવા લાગ્યા છે, તે પ્રમાણે ધર્મનું પણ મૂલ્યાંકન થવા પામ્યું છે; માટે આજે આપણે જ્યારે એક મંડપ નીચે એકઠા થયા છીએ ત્યારે આપણી ધર્મ વિષેની ભાવના તપાસવી જોઇએ. આ ભાવના આપણને એકત્રિત કરવામાં કારણરૂપ છે અને તે બરાબર સમજાય તો આપણાં આધુનિક અનેક કષ્ટો અને દુઃખો ફેડવાને આપણે સમર્થ થઇશું, તેમ મારું માનવું છે.

આજે આપણી સમક્ષ જે સમસ્યા ઉકેલ માગી રહી છે, તેવી જ સમસ્યા ભૂતકાળમાં જુદા જુદા મહાપુરુષો પાસે ખડી થયેલી હતી, અને તે ઉપર વિચાર કરીને તેમણે મહા-કલ્યાણકારી ધોરી રસ્તો બતાવેલો છે. પણ તે જોવા અને સમજવા માટે આપણી પાસે આંખ અને બુદ્ધિ જોઇએ. અલબત્ત તર્કશૂન્ય શ્રદ્ધા સેવીએ તો દોષરૂપ નીવડે અને શ્રદ્ધાને યોગ્ય સ્થાન ન આપીએ તો આપણું જીવન સાર્થક કરી શકીએ નહિ.

શ્રી હરિભદ્રસૂરિએ ચોથા ષોડશકમાં ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો આ પ્રમાણે દર્શાવેલાં છે: ( ૧ ) **ઔદાર્ય**, ( ૨ ) **દાક્ષિણ્ય**, ( ૩ ) **પાપજુગુપ્સા**, ( ૪ ) **નિર્મલ-બોધ** અને ( ૫ ) **લોકપ્રિયતા.** આ લક્ષણોનો આધાર લઇને તપાસીએ કે આપણા જીવનમાં ધર્મ કેટલો પરિણમ્યો છે.

ઉપરના પાંચે લક્ષણોનો વિચાર કરતાં એટલું સ્પષ્ટીકરણ કરવું જરૂરી ધારું છું કે તે દરેક લક્ષણ અતિ વિસ્તૃત અર્થમાં ગ્રહણ કરવાનું છે.

**ઔદાર્ય**—કૃપણભાવનો ત્યાગ. કેવળ પૈસાની ઉદારતા જ ઉદારતા છે, તેમ સમજવાનું નથી, પણ તુચ્છપણાનો ત્યાગ કરવો, તે સાચી ઉદારતા છે. **ટૂંકા વિચારો** એટલે વિશાળ દૃષ્ટિની ખામી, **હલકી દૃષ્ટિ** એટલે દરેક વસ્તુના દૂષણો જ જોવાની આદત, **મારા–તારાપણાંનો અતિ આગ્રહ** એટલે સ્વાર્થદૃષ્ટિ, **લોભબુદ્ધિ** એટલે કોઇ વસ્તુ મેળવવાની લાલસા, **જડતા** એટલે જે કાંઇ ગ્રહણ કર્યું હોય તે ખોટું જણાય તો પણ ન છોડવાનું વલણ, **અવિનય** એટલે આપણી સમક્ષ મહાપુરુષ હોય તેના ગુણની ખાત્રી થાય તો પણ કબૂલવા નહિ અને વિનય દર્શાવવો નહિ, આ બધી તુચ્છતા છે; અને આવી તુચ્છતા ન સેવવી તે ઔદાર્ય છે.

આવું ઔદાર્ય આપણાં જીવનમાં ઉતાર્યું હોય તો જે અનેક કલહો આપણે આપણી આજુબાજુ જોઇ રહ્યા છીએ, તે જોવાનો પ્રસંગ આવે ખરો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દાક્ષિણ્ય**—સર્વને અનુકૂલ વર્તન રાખવું તે. આનો અર્થ હાજી-હાપણું નથી; કે એક ટોળી જમાવી, તેના સભ્યો કરી સૌને તેના આદેશ પ્રમાણે વર્તવાનું કહેવું, એ પણ નથી. આનો અર્થ તો એ છે કે આપણા સ્વાર્થના ભોગે બીજાઓનાં કામ કરી આપવાં અને આવાં કામ કર્યાં હોય તો ઉચ્છૃંખલતાથી બહાર જાહેર ન કરવાં, પરંતુ ગંભીરતાપૂર્વક તે બાબત મૌન સેવવું અને કર્યું ન કર્યા પ્રમાણે જાણીને વર્તવું. તેમજ કોઇને મદદ કરવાનું માથે લીધું હોય તો વિકટ પ્રસંગ જણાતાં ખસી જવાનો પ્રયાસ ન કરતાં ધૈર્ય દાખવીને તે કામ સાંગોપાંગ ઉતરે તેવા સઘળા પ્રયાસો કરવા.

આવી દાક્ષિણ્યતા કેળવી હોય તો આપણી આસપાસ જે ક્ષુલ્લકતા નિહાળીએ છીએ, તે જોવાનો પ્રસંગ કદી પણ આવે નહિ.

**પાપજુગુપ્સા**—પાપ એટલે હિંસા, અસત્ય, ચોરી, વગેરે નિંદ્ય આચરણો અને જુગુપ્સા એટલે ઘૃણા કે નફરત. જો આવી ઘૃણા-આવી નફરત આપણામાં પ્રકટે તો કેટકેટલાં દુઃખો ઓછા થાય અને જીવન કેવું સાત્ત્વિક બને, તે આપ સર્વે વિચારી જોશો.

**નિર્મલ-બોધ**—શાંતરસપ્રધાન તત્ત્વોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન. આ એક પ્રકારનો માનસિક સત્સંગ થયો અને તે કેળવાય એટલે જીવનમાં કેટલી સરલતા પ્રકટે તે સમજી શકાય તેવું છે.

**જનપ્રિયત્વ**—લોક નિંદે તેવું આચરણ કરવું નહીં. આના ઉપર ખાસ ભાર મૂકાયો નથી, કારણ કે એનો આધાર લોકસમૂહ કેવા પ્રકારનો છે અને તે કયા સંજોગોમાં વર્તે છે, તેના ઉપર રહેલો છે.

આ પ્રમાણે ચાર લક્ષણો ગુણ માપવાનાં ખાસ યંત્ર જેવાં છે અને પાંચમું લક્ષણ વિવેકથી વાપરવા જેવું છે. આ લક્ષણોને દૃષ્ટિ સમક્ષ રાખીને આત્મનિરીક્ષણ કરી જોશો કે ગતવર્ષોમાં આપણે કેટલો ધર્મ સિદ્ધ કરી શક્યા છીએ.

## સદ્ગુણની ઉપાસના.

સદ્ગુણોના ઉપાસકને સદ્ગુણોમાં જ તૃપ્તિ રહે છે, તે માટે બીજાઓ તરફથી માન-પ્રતિષ્ઠા મેળવવાની તે કદી ઇચ્છા રાખતો નથી. સદ્ગુણ આપણો સ્વભાવ બન્યો છે કે નહિ તે ઓળખવાની આ મહત્ત્વની નિશાની છે. પોતાના સદ્ગુણ વિષે કંઇક વિશેષતા લાગવી ને તેથી અહંકાર થવો, તેને લીધે બીજાઓને તુચ્છ માનવા-આ બધી ક્ષુદ્ર મનોવૃત્તિઓ છે અને તે ગમે ત્યારે પતનનું કારણ બને છે.

સામાજિક જીવન ક્ષુદ્ર, વિકારમય અને સ્વાર્થપરાયણ ન સેવીએ અને પારમાર્થિક જીવન પુરુષાર્થહીન અને જ્ઞાનહીન ન સેવીએ તો આપણે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેમાં વિવેકશુદ્ધ અને પુરુષાર્થયુક્ત જીવન ગાળ્યાનો લ્હાવો લઇ શકીએ.

જીવન વિષેના કોઇપણ ઉદાત્ત ધ્યેય વગર આપણું આયુષ્ય પસાર થઇ રહ્યું છે, તે ઘણું દુઃખદ છે. તેથી આપની પાસે ઉપર પ્રમાણે વિચારો રજૂ કર્યાં છે. જો આપણે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારોને જીવનમાં ઉતારવાનો સતત પ્રયાસ કરીશું તો મને ખાતરી છે કે આજની આપણી વિષમાવસ્થાનો સત્વર નાશ થશે.

## ધર્મવિકાસની ચાર ભૂમિકાઓ.

ધાર્મિક જીવનનો ક્રમશઃ વિકાસ થાય તે માટે જિનશાસનમાં માર્ગાનુસારીપણું કે વ્યવહારશુદ્ધિ, સમ્યક્ત્વધર્મ કે સત્યાસત્યનો વિવેક, દેશવિરતિ કે શ્રાવકધર્મ અને સર્વવિરતિ કે સાધુધર્મ એ ચાર ભૂમિકાઓ બતાવેલી છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર શુદ્ધ છે, એટલે પ્રાકૃત જીવન કરતાં માર્ગાનુસારીપણું ચડિયાતું છે, માર્ગાનુસારીપણા કરતાં સમ્યક્ત્વધર્મ ચડિયાતો છે, સમ્યક્ત્વધર્મ કરતાં દેશવિરતિપણું ચડિયાતું છે અને દેશવિરતિ કરતાં સર્વવિરતિપણું ચડિયાતું છે. બીજા શબ્દોમાં કહીએ તો સાધુજીવનને યોગ્ય થવા માટે દેશવિરતિનું પૂર્ણ પાલન જરૂરી છે અને દેશવિરતિને યોગ્ય થવા માટે ન્યાયથી દ્રવ્ય મેળવવું આદિ ૩૫ ગુણો કેળવવા અગત્યના છે. આ વિકાસક્રમને લક્ષમાં લેતાં આપણે ધાર્મિક જીવનની કઈ ભૂમિકા ઉપર ઊભા છીએ, તે પારખવું મુશ્કેલ નથી.

ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં લડાઈ પછી જે નૈતિક પતન થયું છે, તેને વહેલી તકે સુધારવાની જરૂર છે અને તે માટે **'સર્વોદય–સમાજ,' 'વ્યવહારશુદ્ધિ મંડળ'** કે **'અણુવ્રતી સંઘ'** જેવી જે યોજનાઓ અમલમાં આવી છે, તેને આપણા સંઘે લક્ષમાં લેવા જેવી છે.

માર્ગને અનુસરનાર મનુષ્યનાં હૃદયમાં જ્યારે સત્યની જિજ્ઞાસા, સત્યનો પ્રેમ અને સત્યનો આગ્રહ પ્રકટે ત્યારે તેને સમ્યક્ત્વની સ્પર્શના થાય છે અને તે દેવ, ગુરુ અને ધર્મનાં સ્વરૂપનું ચિંતન કરવા લાગે છે. તેમાં જે દેવ, જે ગુરુ અને જે ધર્મ દોષરહિત લાગે તેનો તે સ્વીકાર કરે છે. આપણાં તત્ત્વજ્ઞાનીઓના અભિપ્રાય મુજબ 'અર્હત્' એ શુદ્ધ દેવ છે, 'નિર્ગ્રંથ મુનિ' એ શુદ્ધ ગુરુ છે અને સર્વજ્ઞોએ સમજાવેલું તત્ત્વ એ શુદ્ધ ધર્મ છે. આ દેવ, ગુરુ અને ધર્મની અનન્ય મને ઉપાસના કરવાથી સમ્યક્ત્વમાં સ્થિરતા આવે છે અને દેશવિરતિ કે શ્રાવકધર્મના પાલનની યોગ્યતા પ્રકટે છે.

દેશવિરતિ ધર્મમાં ગૃહસ્થને આદર્શ નાગરિક બનાવવાની જે યોજના રહેલી છે, તે વધુ વિશદ રીતે બહાર લાવવાની જરૂર છે અને તેના પ્રચાર માટે પૂરતો પરિશ્રમ લેવાની આવશ્યકતા છે. ખેતર સારી રીતે ખેડાયેલું હોય તો તેમાં વાવેલું બીજ સારી રીતે ઊગે છે, તેમ ગૃહસ્થજીવન ઉત્તમ પ્રકારનું હોય તો તેમાંથી થતાં સાધુઓ ઉત્તમ કોટિના થાય એ દેખીતું છે.

સર્વવિરતિ ધર્મ એક પ્રકારની ઉત્કૃષ્ટ યોગસાધના છે કે જેનો આશ્રય લઈને અસંખ્ય–અનંત આત્માઓએ મુક્તિ મેળવવાનું પોતાનું ધ્યેય સિદ્ધ કર્યું છે. વૈભવ અને વિલાસના આ જમાનામાં આવી ઉત્કૃષ્ટ યોગસાધનાનો સ્વીકાર કરવો એ નાનીસૂની વાત નથી, એટલે જે આત્માઓ આ યોગસાધનાનો સ્વીકાર કરીને તેનું પાલન કરી રહ્યા છે, તેમને હું વિનય, ભક્તિ અને બહુમાનપૂર્વક વંદના કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગસાધકોનો આ વર્ગ જો સવિશેષ ઉન્નતિ પામે તો પ્રભુશ્રી મહાવીરના શાસનનો સમગ્ર વિશ્વમાં ઉદ્યોત થાય કે જે જોવાને લાખો આત્મા તલસી રહ્યા છે. આ દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખી હું બે શબ્દો કહીશ.

સર્વવિરતિ ધર્મનું પાલન કરનારાઓનું મુખ્ય કર્તવ્ય સંયમ, જ્ઞાન અને ધ્યાનની ઉપાસના છે, એટલે તેમનો વધારેમાં વધારે સમય આ ત્રણ તત્ત્વોની સાધનામાં જવો જોઇએ. સંયમની સાધનાનો સાદો અને સીધો અર્થ એ છે કે-મન, વચન તથા કાયા પર કાબૂ મેળવવો. આ ધ્યેય સિદ્ધ થાય તે માટે જ સંસારનો ત્યાગ થાય છે, મહાવ્રતો ગ્રહણ કરાય છે અને ગુરુકુળવાસનું સેવન થાય છે; એ વાત લક્ષ બહાર જવી જોઇતી નથી.

## પ્રાચીન સામાચારી

પ્રાચીન કાળના નિર્ગ્રંથ મુનિઓની સામાચારીનો અભ્યાસ કરતાં જણાય છે કે-તેઓ એક પોરિસી જેટલી રાત્રિ બાકી રહે ત્યારે જાગૃત થઇને ધ્યાન ધરતા અને આવશ્યક ક્રિયા કરતા. દિવસની પહેલી પોરિસી સૂત્ર ગ્રહણ કરવામાં, બીજી પોરિસી અર્થ ગ્રહણ કરવામાં, ત્રીજી પોરિસી ગોચરીપાણીમાં, ચોથી પોરિસી પૃચ્છનારૂપ સ્વાધ્યાયમાં તથા આવશ્યક ક્રિયામાં અને રાત્રિની પહેલી પોરિસી પરાવર્તનરૂપ સ્વાધ્યાયમાં ગાળતા તથા રાત્રિની બીજી પોરિસી ધ્યાનમાં વીતાવતા. નવા સાધુઓ આ વખતે સંથારે જતા. એટલે પ્રત્યેક સાધક ઓછામાં ઓછી ચાર પોરિસી સ્વાધ્યાયમાં અને એક કે બે પોરિસી ધ્યાનમાં ગાળતો. સમયના આવા કાળજીભર્યા સદુપયોગથી જ તેઓ મહાસંયમી, મહાજ્ઞાની અને મહાધ્યાની થઇ શકતા અને એ રીતે પોતાનું તથા પરનું હિત સાધી શકતા.

આ સામાચારી ફરી અમલમાં આવે તો સંયમ, જ્ઞાન અને ધ્યાનની ઉપાસનામાં ઘણી જ પ્રગતિ થાય અને જૈનત્વની જ્યોતિનો વિશ્વભરમાં પ્રકાશ થાય.

## જ્ઞાનોપાસના

જ્ઞાનોપાસનાનો અર્થ માત્ર સૂત્ર-સિદ્ધાંતો વાંચી જવા એટલો જ નથી, પણ તેમાં પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતો પર ઊંડું મનન-ચિંતન કરવાનો છે અને એ મનન-ચિંતન વ્યવસ્થિત તથા તુલનાત્મક અભ્યાસપૂર્વક થાય તે માટે બીજું પણ જે જે સાહિત્ય વાંચવાની જરૂર જણાય તે વાંચવાનો છે. સર્વવિરતિના સાધકોએ કેટલા સમયમાં કેટલો અભ્યાસ કરવો જોઇએ, તે પણ નિયત થવાની જરૂર છે.

## ધ્યાન

ધ્યાનમાં આગળ વધવા માટે યમ-નિયમો ગ્રહણ કરાય છે પણ એક આસને લાંબા સમય સુધી બેસવાની ટેવ, ત્રણ ગુપ્તિરૂપ પ્રાણાયામ અને બાહ્ય ભાવો તરફ ખેંચી જતી પ્રવૃત્તિઓનો પ્રત્યાહાર જરૂરી છે. જ્યાં સુધી બાહ્ય ભાવમાં ખેંચી જતી પ્રવૃત્તિઓ ઓછી ન થાય ત્યાં સુધી ધારણા થઇ શકતી નથી, ધ્યાન જામતું નથી અને પરિણામે સમાધિનો લાભ થતો નથી. આ બધાનો રામબાણ ઉપાય કાયોત્સર્ગનું મૂળ સ્વરૂપ સમજી તેને વધુ ને વધુ વિકસાવવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો જ્ઞાન અને ધ્યાનનું પ્રમાણ વધી જાય તો મતભેદો આપોઆપ ઓગળી જાય અને હૃદયની વિશાળતા પ્રભાતકાળના સૂર્યની જેમ વિકાસ પામે, એમ મારું નમ્ર માનવું છે.

## શ્રમણસંઘનું બંધારણ

આ સ્થળેથી હું આપણા પૂજ્ય આચાર્યો અને મુનિવરોને સવિનય સાદર વિનંતિ કરવા ઇચ્છું છું કે સમગ્ર પરિસ્થિતિનું અવલોકન કરવા અને શ્રમણસંઘનું બંધારણ વધારે વ્યવસ્થિત થતાં આપણો સકલસંઘ એકત્ર થઇ શકશે અને એ રીતે આપણે ઉન્નતિની દિશામાં એક મહાન પગલું ભરી શકીશું.

## સાધ્વીસંઘ

ધાર્મિક પરિસ્થિતિનું આ અવલોકન પૂરું કરતાં એટલું જણાવવું જરૂરી માનું છું કે સ્ત્રીઓને પણ મુક્તિની અધિકારી માનીને આપણે ઉદારમાં ઉદાર દૃષ્ટિનો પરિચય આપ્યો છે અને પરિણામે આપણામાં સાધ્વીસંઘ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યો છે, પણ તેમના અભ્યાસ અને આધ્યાત્મિક વિકાસ પર જોઇએ તેટલું ધ્યાન અપાતું નથી, એટલે તે માટે ખાસ પ્રયત્નો કરવાની આવશ્યકતા છે. જો આ દિશામાં યોગ્ય પ્રગતિ સધાશે તો તેમના સંપર્કથી આપણો નારીસમાજ પણ વિશેષ ઉન્નત થશે.

## શિક્ષણવિષયક પરિસ્થિતિ.

પાઠશાળાઓ, શાળાઓ અને છાત્રાલયો મારફત આપણે બાળકોને ધાર્મિક શિક્ષણ આપીએ છીએ, પરંતુ તેમાં ઉપર જણાવેલા ઔદાર્યાદિ ગુણો ખીલવવા માટે જે ભાર મૂકાવો જોઈએ તે મૂકાતો નથી. પરિણામે ધાર્મિક શિક્ષણ લેનારમાં જે ઔદાર્ય, સહિષ્ણુતા, પાપભીરુતા અને ચારિત્રની ખડતલતા આવવી જોઇએ, તે આવતી નથી. નિત્ય સામાયિક, પ્રતિક્રમણ કે પૂજાપાઠ કરનારો મનુષ્ય અભિમાન, આવેશ, કદાગ્રહ કે કુટિલતાને વશ કેમ થઇ શકે, એ મારી કલ્પનામાં આવતું નથી. એનો અર્થ એ જ કે આપણે તે તે ક્રિયાઓ અને અનુષ્ઠાનોની પાછળ રહેલા ગંભીર અને ઉદાર આશયોને સમજતા નથી કે સમજવા છતાં શિક્ષાક્રમમાં ઉતારી શકતા નથી. સામાયિક, પ્રતિક્રમણ અને પૂજાનો અર્થ સમજતાં મને પોતાને વર્ષો લાગ્યા છે અને તે વિષે ભારે પરિશ્રમ કરવો પડ્યો છે. ખાસ કરીને છેલ્લા ચાર વર્ષો તો મેં એનાં જ ચિંતન-મનનમાં ગાળ્યા છે. આથી મને ખાતરી થઇ છે કે-ધાર્મિક શિક્ષણના ક્રમનું સૂક્ષ્મતાથી પુનરાવલોકન કરવું જોઇએ અને તેને આપણા મહાપુરુષોએ પ્રતિપાદિત કરેલી ધર્મભાવનાની સાથે પૂરેપૂરો સંગત બનાવવો જોઇએ.

## ધાર્મિક શિક્ષણની પદ્ધતિ.

ધાર્મિક શિક્ષણની પદ્ધતિ માટે બે શબ્દો કહું તો અસ્થાને નહિં ગણાય. પ્રાચીન ક્રમ એવો છે કે પ્રથમ સૂત્રોની સંહિતા શીખવવી, પછી તેના પદો અને પદાર્થો શીખવવા તથા સામાસિક પદો છૂટા પાડી બતાવવા, પછી તેના પર પ્રશ્નો કરવા અને તેનું સમાધાન કરવું. પરંતુ આ ક્રમને આજે લગભગ ભૂલી જવામાં આવ્યો છે. સંહિતા સચવાતી નથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગદ્ય-પદ્યનો ઉચિત વિવેક જળવાતો નથી, ઉચ્ચારમાં શુદ્ધિ અને સ્પષ્ટતા ઓછી જણાય છે, તેના અર્થો પર જોઇએ તેવું ધ્યાન અપાતું નથી, પ્રશ્ન અને ઉત્તર ભાગ્યે જ થાય છે, અને જે થાય છે તેમાં પણ જોઇએ તેવી સાત્ત્વિકતા હોતી નથી.

ધાર્મિક ક્રિયાઓ અને અનુષ્ઠાનોનું શિક્ષણ આપવામાં પણ એવી જ શોચનીય સ્થિતિ જોવામાં આવે છે. મોટા ભાગે સ્થૂલ સ્વરૂપ ઉપર જ ધ્યાન અપાય છે, જ્યારે તેની પાછળ રહેલી ઉદાત્ત ભાવનાઓ તરફ દુર્લક્ષ્ય થાય છે. આ ખામીઓ સુધારીને શિક્ષણક્રમમાં યોગ્ય પરિવર્તન કરવામાં આવે તો ધાર્મિક શિક્ષણનો મૂળ હેતુ-**ધર્મભાવનાની વૃદ્ધિ**-બર આવે અને સમાજના માનસમાં મોટું પરિવર્તન થાય.

## વ્યવહારિક શિક્ષણનું સ્વરૂપ.

વ્યવહારિક શિક્ષણની ઉપયોગિતા માટે બે મત છે જ નહિ, કારણ કે જીવનનો સઘળો વ્યવહાર તેના આધારે જ ચાલે છે; પરંતુ આ શિક્ષણ કેવી રીતે અથવા કયા પ્રકારનું આપવું, તે ગંભીર વિચારણા માગે છે. આ શિક્ષણનું વર્તમાન સ્વરૂપ એવું છે કે તેનાથી માથું મોટું થાય પણ હાથપગ દુર્બળ થાય અને હૃદય કઠિન બને. મતલબ કે આ શિક્ષણ લેનારની બુદ્ધિનો વિકાસ થાય છે, પણ તેને શારીરિક શ્રમનું કામ કરતાં શરમ આવે છે અને હૃદયમાં સ્વાર્થની ભાવના એટલી પ્રબળ બને છે કે તે સ્વાભાવિક કોમળતા ગુમાવી બેસે છે. આમ બનવાનું કારણ એ છે કે-આ શિક્ષણમાં નીતિ, સદાચાર અને શારીરિક શ્રમ પર જોઇએ તેવો ભાર મૂકાયેલો નથી.

ઉચ્ચ પ્રકારની વ્યવહારિક કેળવણી પામેલાને આર્થિક સંકડામણ ન જ રહેવી જોઇએ, એ મારું નમ્ર મંતવ્ય છે, એટલે સમાજની આર્થિક સ્થિતિ સુધારવાનો મુખ્ય ઉપાય એ છે કે-દરેક બાળક બાલિકાને નીતિમય, સદાચારી અને પરિશ્રમશીલ વ્યાવહારિક શિક્ષણ આપવું.

## શિક્ષણસંસ્થાઓને પગભર કરવાની જરૂર.

શિક્ષણ સંસ્થાઓને પગભર કરવાની ખાસ જરૂર છે અને તે માટે પ્રાપ્ત થતાં પ્રસંગોએ ખર્ચમાં કરકસર કરીને તેમાંથી થયેલી બચત એ સંસ્થાઓને મોકલી આપવાની આવશ્યકતા છે. આ દિશામાં આપણે જેટલા ઉદાર થઇશું તેટલો સમાજને વિશેષ લાભ થશે.

શિક્ષણ સંસ્થાઓ પોતાની પરિસ્થિતિ સુધારવા માટે સહકાર અને સંગઠનના માર્ગે આગળ વધે તે ખાસ જરૂરનું છે.

## સામાજિક પરિસ્થિતિ.

આપણી સામાજિક સ્થિતિનું ચિત્ર સામાન્ય રીતે ઠીક દેખાવા છતાં ગંભીર ચિંતા ઉપજાવે તેવું છે. લગ્નક્ષેત્ર, નાની નાની જ્ઞાતિઓ, ગોળ કે એકડા પૂરતું મર્યાદિત છે, તેથી લગ્નજીવનમાં જોઇએ તેવો સંવાદ જળવાતો નથી. આપણા સંસ્કારોને હરકત ન પહોંચે તે રીતે જો એ ક્ષેત્રનો વિસ્તાર કરવામાં આવે તો સામાજિક સ્થિતિ સારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણમાં સુધરે એમ મારું નમ્ર મંતવ્ય છે. આ સાથે સંતતિનિયમનનો પ્રશ્ન પણ વિચારવા જેવો છે. તે માટે આપણા શાસ્ત્રકારોએ બ્રહ્મચર્યની જે વિવિધ ભૂમિકાઓ બતાવી છે, તેનું પાલન કરવાની આવશ્યકતા છે.

આરોગ્યની બાબતમાં પણ આપણે ખૂબ જ પછાત છીએ. વિવિધ પ્રકારના વ્યાધિઓ આપણી વારંવાર મુલાકાત લેતા જ હોય છે અને તે આપણી કમાણીનો એક સારા જેવો ભાગ લઇ જાય છે. વળી રોગી માતાપિતાના સંતાનો રોગી કે દુર્બલ થાય છે અને એ ક્રમ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં સારાયે સમાજની અધોગતિ થાય છે. આ સ્થિતિમાં તેમને યોગ્ય ઉપચારો ઉપરાંત આરોગ્ય સાચવવાના સિદ્ધાંતોનું વાસ્તવિક જ્ઞાન મળે, તે અત્યંત જરૂરનું છે.

આપણી ઉછરતી પ્રજાના શારીરિક બંધારણ પર જયારે હું નજર કરું છું ત્યારે વિષાદની ઘેરી લાગણી અનુભવું છું. ફીક્કા ચહેરા, દુર્બલ દેહ અને સૌષ્ઠવનો અભાવ, એ જાણે આપણી ખાસિયત થઇ પડી છે. અને તેમ છતાં જાણે કે આ બધાનું કંઇ જ મહત્ત્વ ન હોય તે રીતે આપણે વર્તીએ છીએ; પણ એ યાદ રાખવું ઘટે છે કે દુર્બળ શરીરમાં વિકારી મનનો વાસ થાય છે અને વિકારી મન આપણી સર્વોત્તમ ભાવનાઓનો નાશ કરે છે. વળી તપ, તિતિક્ષા અને વૈયાવૃત્યના માર્ગે આગળ વધવું હોય તો ત્યાં પણ સારું સ્વાસ્થ્ય અને ખડતલતા જરૂરી છે; તેથી આ વિષયમાં પ્રવર્તતી ઉપેક્ષાવૃત્તિનો સત્વર ત્યાગ કરીને તે માટે યોગ્ય પ્રબંધ કરવો જોઇએ. **વ્યાયામ, યોગાસનો, પુષ્ટિકારક ખોરાક અને યોગ્ય પરિચર્યા** એ એના અનુભવસિદ્ધ ઉપાયો છે.

આપણા વાનપ્રસ્થ અને વૃદ્ધ પુરુષો જે રીતે પોતાનો સમય ગાળે છે, એમાં પણ ઘણો સુધારો કરવા જેવો છે. સામાન્ય પ્રથા એવી હોવી જોઇએ કે વાનપ્રસ્થ થયેલા મનુષ્યોએ આપણી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં પોતાનું સ્થાન શોધી લેવુ જોઇએ અને તેને પોતાના અનુભવનો બને તેટલો લાભ આપવો જોઇએ. નિરાંત અને નિષ્ક્રિયતા એક નથી, એ વાત આપણે જેટલી વહેલી સમજી લઇએ તેટલો વધુ લાભ છે.

વૃદ્ધ, અશક્ત અને નિરાધાર સ્ત્રી–પુરુષોની જિંદગી કેવી રીતે સુખી થાય તે માટે અન્ય દેશોમાં અને અન્ય સમાજોમાં ઘણી ઘણી વિચારણાઓ થઇ છે, જયારે આપણે ત્યાં થોડા છૂટાછવાયા પ્રયાસો વિના વિશેષ કંઇ પણ થયું નથી. હું ઇચ્છું છું કે આ પ્રશ્ન પર સમાજસુધારકો ગંભીર વિચાર કરે.

## આર્થિક પરિસ્થિતિ.

આપણો સમાજ એક વાર શ્રીમંત અને સુખી ગણાતો, પણ આજે તો પરિસ્થિતિએ તદ્દન પલટો લીધો છે. ગરીબાઇ અને બેકારીએ બેકાબૂ બનીને પોતાનું સ્થાન જમાવ્યું છે અને તેની નાગચૂડમાં મધ્યમ વર્ગ ખૂબ ખૂબ ભીંસાઇ રહ્યો છે. આ સ્થિતિ ઉત્પન્ન થવાનું કારણ સરકારની રાજનીતિ ઉપરાંત આપણી અજ્ઞાન અને જડ મનોદશા પણ છે. પરિસ્થિતિમાં અસાધારણ પરિવર્તન થાય તો પણ આપણે આપણી રીતરસમો બદલીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ તો બીજું પરિણામ શું આવે ? ધનની દરિદ્રતા કરતાં મનની દરિદ્રતા આપણને વિશેષ નુકશાન કરે છે, એ વાત કદી પણ ભૂલવા જેવી નથી.

ધીરધાર, અનાજ અને કાપડનો ધંધો આપણા હાથમાં હતો, તે મોટે ભાગે ઝુંટવાઇ ગયો છે અને નજીકના ભવિષ્યમાં પાછો આવે તેમ દેખાતું નથી. વળી આપણા સમાજના ઘણા માણસોએ સટ્ટામાં પડીને પાયમાલી નોતરી છે. હાલની રાજનીતિ એવી છે કે સટ્ટાનાં તત્ત્વને જેમ બને તેમ નાબૂદ કરવું અને ભવિષ્યમાં તે નીતિનો વધારે ઉગ્રપણે અમલ થશે; એટલે સાચી વાત તો એ છે કે આપણા ભાઇઓએ સટ્ટાનો ધંધો છોડી દઇને વહેલામાં વહેલી તકે હુન્નર, ઉદ્યોગ કે બીજા કોઇ પણ પ્રામાણિક ધંધામાં જોડાઇ જવું.

આગામી યુગ કૃષિકારો અને શ્રમજીવીઓનો છે અને રાજ્યતંત્ર મોટા ભાગે તેમના જ હાથમાં આવશે, એટલે કાયદાઓ પણ તેને જ અનુકૂળ ઘડાશે. આ સ્થિતિમાં આપણા સમાજે ખેતી-વાડી, કલા-કારીગરી અને હુન્નર-ઉદ્યોગ તરફ જેમ બને તેમ ઝડપથી વળવાની જરૂર છે. જેઓ આગામી યુગનાં એંધાણ પારખીને પોતાની રીતરસમો બદલશે તથા વેપારક્ષેત્રોને વ્યવસ્થિત કરશે, તેઓ પોતાનું ભાવી સલામત બનાવી શકશે.

મધ્યમ વર્ગની કથળી ગયેલી સ્થિતિમાં તાત્કાલિક શું થઇ શકે, તે પણ વિચારવા જેવું છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આ વિષયમાં ખૂબ ખૂબ ઉહાપોહ થયો છે ને કેટલીક યોજનાઓ અમલમાં આવી છે. આ યોજનાઓ કેટલાકને અધૂરી ને અસંતોષકારક લાગે છે, પણ વાસ્તવિકતાની સપાટી ઉપર ઊભા રહીને અવલોકન કરીએ તો લાગે છે કે-શરૂઆતમાં આથી વધારે સારી યોજનાઓ ભાગ્યે જ થઇ શકી હોત. આમ છતાં હવે આપણે શું કરવું ? તે વિષે હું બે શબ્દો કહીશ.

( ૧ ) સહુએ સ્વાશ્રયી થવાની ભાવના કેળવવી જોઇએ.

( ૨ ) ગમે તેવો શ્રમ કરતાં પણ અચકાવું ન જોઇએ.

( ૩ ) ઘરના માણસોએ ફુરસદના વખતમાં નાના નાના હુન્નરો કરવા જોઇએ અને એ રીતે આવકમાં વધારો કરવો જોઇએ.

( ૪ ) સાધર્મિક-વાત્સલ્યની ભાવનાનો બને તેટલો વધારે પ્રચાર કરવો જોઇએ.

( ૫ ) સહકારી મંડળીઓ સ્થાપીને ભંડારો વગેરે ચલાવવા જોઇએ.

( ૬ ) જુદા જુદા પક્ષોએ ભેગા થઇને એક નાણાંકીય યોજના ઊભી કરવી જોઇએ, જેમાંથી વેપાર-ધંધા અંગે નાણા ઉછીનાં આપી શકાય.

( ૭ ) આપણા કારખાનાંઓ તથા પેઢીઓની એક ડીરેકટરી બનાવવી જોઇએ અને કામધંધે લગાડનારું તથા વેપાર રોજગારની સલાહ આપનારું ખાતું ખોલવું જોઇએ.

( ૮ ) સસ્તાં ભાડાની ચાલીઓ બનાવવી જોઇએ.

( ૯ ) સસ્તાં ભોજનાલયો ખોલવા જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવાં કામો કરવા માટે પુષ્કળ નાણાંની જરૂર પડે, તે સ્વાભાવિક છે, તેથી હું સર્વ જૈન ભાઈબહેનોને વિનંતિ કરું છું કે આપ બધા આ અત્યંત આવશ્યક કાર્યમાં આપનો ઉદાર ફાળો આપશો અને સમાજ પ્રત્યેનું મહાન્ કર્તવ્ય બજાવ્યાનો સંતોષ પામશો.

## રાજકીય પરિસ્થિતિ

આજે આપણા દેશમાં આપણું રાજ્ય છે, એ સૌભાગ્યનો વિષય છે. તેનું સુકાન મહાસભાના કસાયેલા સેનાનીઓના હાથમાં છે, એ પણ આનંદની બીના છે. તેમના કુશળ નેતૃત્વ નીચે આપણો દેશ આબાદીના રસ્તે આગળ વધશે, તેમાં મને જરા પણ શંકા નથી; પરંતુ આ બધી પ્રવૃત્તિઓમાં આપણું સ્થાન કયાં ? તે વિચારવાની જરૂર છે.

રાજકારણ પ્રત્યેની ઉપેક્ષા આપણા ધર્મ અને સમાજની રચના પર તથા વેપાર-રોજગાર પર ઊંડી અસર કરશે, એ વાત ભૂલવા જેવી નથી. તેથી હું જૈન સમાજને વિજ્ઞપ્તિ કરું છું કે તેણે રાજકારણ પ્રત્યેની ઉપેક્ષા છોડીને કેન્દ્રસ્થ તથા પ્રાદેશિક સરકારોની સર્વ પ્રવૃત્તિઓમાં રસ લેવો અને તેની હિતકારી પ્રવૃત્તિઓમાં બને તેટલો ફાળો આપવો.

પબ્લીક ટ્રસ્ટસ એકટને લીધે સમાજના મોટા ભાગની લાગણી દુઃખાયેલી છે અને તેની વાંધાભરેલી કલમો સુધારી લેવામાં આવે તે જાતની વિનંતિ સ્થળે સ્થળેથી મુંબઈ સરકારને થયેલી છે, તે પર યોગ્ય ધ્યાન અપાશે, તેવી હું આશા રાખું છું.

મધ્યસ્થ સરકાર તરફથી વાંદરા, હરણ વગેરે પશુઓની હિંસા કરવાનાં જે ફરમાનો થઈ રહ્યાં છે, તે પણ ભારતીય પ્રજાની ધાર્મિક લાગણી દુઃખાવનારાં છે, એટલે તે પાછા ખેંચી લેવાની મધ્યસ્થ સરકારને વિનંતિ કરું છું.

## સાહિત્યવિષયક પરિસ્થિતિ

આપણી ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિનાં અવલોકન સાથે આપણી સાહિત્યવિષયક સ્થિતિનું અવલોકન કરવાની પણ જરૂર છે, કારણ કે આધુનિક યુગમાં ધર્મપ્રચાર માટેનું તે મોટામાં મોટું સાધન છે. આ વિષયમાં પણ આપણે ખૂબ પાછળ છીએ. દર વર્ષે પ્રકાશકો તરફથી જુદી જુદી ગ્રંથમાળાઓ અને ઘણું સાહિત્ય બહાર પડે છે, પણ તેમાં નથી હોતી સંપાદનની કળા, નથી હોતું શુદ્ધ અને વ્યવસ્થિત લખાણ, નથી હોતી મુદ્રણકળાની સુંદરતા કે નથી હોતો આકર્ષક દેખાવ ! એટલે ખર્ચના પ્રમાણમાં કંઈ સંગીન ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. જો જૈન ધર્મ અને સંસ્કૃતિનાં વિવિધ અંગો પર વેધક પ્રકાશ પાડતું સરળ, રુચિકર અને આકર્ષક સાહિત્ય બહાર પાડવામાં આવશે તો હું માનું છું કે સુશિક્ષિત સમાજનો મોટો ભાગ જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિ પ્રત્યે અભિરુચિવાળો થશે અને એ રીતે આપણી 'સવી જીવ કરું શાસનરસી'વાળી પુરાતન-પ્રાચીન ભાવના મૂર્તિમંત થશે તથા આપણા ધર્મ અને સંસ્કૃતિ પર અઘટિત આક્ષેપો થવાનો વખત જ આવશે નહિ.

પાટણ, જેસલમીર વગેરે સ્થળોએ જ્ઞાનભંડારોમાં રહેલી પ્રતિઓની વ્યવસ્થિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાદીઓ તૈયાર થઇ છે, તે જ રીતે અમદાવાદના ભંડારોમાં રહેલો પ્રતિઓની તેમજ પુનાના ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટીટયુટમાં રહેલી જૈન પ્રતિઓની વ્યવસ્થિત યાદી થવાની જરૂર છે.

## કોન્ફરન્સનું કર્તવ્ય

આ પરિસ્થિતિ સુધારવા માટે તનતોડ પ્રયાસ કરવો એ કોન્ફરન્સનું કર્તવ્ય છે અને તે કર્તવ્ય બરાબર બજાવી શકે તે માટે પ્રથમ તો તેણે પોતાનું બંધારણ વ્યવસ્થિત કરવું જોઇએ, અને તેમાં કસાયેલા કાર્યકરો એકત્ર થાય એ જોવું જોઇએ.

બીજું તેણે સમાજના ગાઢ સંપર્કમાં આવવું જોઇએ અને તેમાંથી માણસ તથા નાણાંનું પૂરતું પીઠબળ મેળવવું જોઇએ.

ત્રીજું તેણે જે જે કાર્યો કરવાનાં છે, તે સઘળાંની વ્યવસ્થિત યોજનાઓ ઘડવી જોઇએ અને તેનો ત્રિવાર્ષિક કે પંચવાર્ષિક કાર્યક્રમ મુકરર કરવો જોઇએ.

ચોથું કોન્ફરન્સની ભાવના સમાજ બરાબર સમજી શકે તે માટે તેનું પ્રચારકાર્ય મોટા પાયે થવું જોઇએ અને તેને પોતાનું સ્વતંત્ર સાપ્તાહિક કે પાક્ષિક હોવું જોઇએ.

## આભારદર્શન

પૂજ્યપાદ આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ જેઓ અહીં બિરાજે છે અને કોન્ફરન્સના કાર્યને સંપૂર્ણ સહાનુભૂતિ તથા વેગ આપી રહ્યા છે, તેમને ભૂરિ ભૂરિ વંદન કરું છું અને આપ સર્વે વતી વિજ્ઞપ્તિ કરું છું કે તેઓના આશીર્વાદ આ કોન્ફરન્સ પર સદા ઉતરતા રહે.

શેઠ શ્રી કાંતિલાલભાઇએ આ કોન્ફરન્સની મહાન સેવાઓ બજાવી છે. તેઓ આજે પ્રમુખપદેથી નિવૃત્ત થાય છે, છતાં પોતાનો સહકાર પૂર્વવત્ જ ચાલુ રાખશે, એવી આશા રાખું છું.

આપ બધા સંઘના હિતને માટે દૂરદૂરથી ઘણો પરિશ્રમ લઇને અહીં આવ્યા છો અને મને શાંતિથી સાંભળ્યો છે, તે માટે આપ સહુનો આભાર માનું છું.


આપે ન વાંચ્યું હોય તો અવશ્ય વાંચશો

# શ્રી સીમંધર શોભાતરંગ

પ્રાચીન રાસનો સુંદર નમૂનો, ભાવવાહી કાવ્ય-
શૈલી અને કામગજેન્દ્રકુમારનું ચમત્કારિક ચરિત્ર

**પાકું બાઇંડીંગ, ૩૨૦ પૃષ્ઠ, મૂલ્ય રૂા. બે**

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐકયની ભૂમિકા ઊભી કરો !

**[ સ્વાગતાધ્યક્ષ શ્રી ખીમજીભાઇ માંડણ ભુજપુરીયાના પ્રવચનનો સારભાગ ]**

પચાસ વર્ષ પહેલાં કે જ્યારે સુધારણા અને સંગઠન કરવાના પ્રયાસો જવલ્લેજ થતા હતા, સમાજમાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું હતું અને રાષ્ટ્રની આઝાદીની ચળવળ બાલ્યાવસ્થામાં હતી, ત્યારે એ મુરબ્બી સ્વપ્નદ્રષ્ટાએ, સમસ્ત ભારતના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજનું સંગઠન સાધવાનું સ્વપ્ન સેવ્યું અને સદ્‌ભાગ્યે એ સિદ્ધ થતું પણ જોયું. બહુ થોડા જ ભાગ્યશાળી આત્માઓ એવા હોય કે જેમના સ્વપ્નાઓ સમાજને ઉન્નતિના માર્ગે લઇ જતાં, પોતાની સગી આંખે દશકાઓ સુધી જોઇ શકે છે. આવું સદ્‌ભાગ્ય માનનીય મુરબ્બી શ્રી ઢઢ્ઢાજીને સાંપડયું એ જાણી કયો જૈન આનંદ અને ગૌરવ ન અનુભવે ? હું આ તકે તેમનું હાર્દિક ગૌરવ કરું છું અને એઓશ્રી સુખી જિંદગી સાથે વધુ લાંબું આયુષ્ય ભોગવો એવી શાસનદેવને પ્રાર્થના કરું છું.

આ મહાન નગરી મુંબાપુરીના મહાભાગ્ય છે કે, કોન્ફરન્સ દેવીને પોતાને આંગણે નોતરવાનું સદ્‌ભાગ્ય આજ સુધીમાં એને ચાર ચાર વાર સાંપડયું છે. આજે આ પાંચમી વખત એ લાભ મળતો જોઇ, એ પોતાને ધન્ય સમજે છે અને દૂરદૂરથી પધારેલા સજ્જનો અને સન્નારીઓની યત્કિંચિત્ સેવા અને સરભરા કરવાની અભિલાષા સેવે છે. અમારે આંગણે પધારેલા આપ સજ્જનો અને સન્નારીઓની સેવા અને સરભરા કરવા માટેનો સ્વાગત સમિતિ તરફથી યોગ્ય પ્રબંધ કરવામાં આવ્યો છે, તેમ છતાં કોઇને કશી ઉણપ કે અડચણ લાગે તો તે દરગુજર કરવા કૃપા કરશો.

ગયા વર્ષે કોન્ફરન્સનું અધિવેશન જુનાગઢમાં ભરાયું તેને એક વર્ષ જેટલો સમય વીતી ગયો છે. એ ટૂંકા ગાળામાં રાજકીય દૃષ્ટિએ ચૂંટણી સ્વરૂપે દેશભરમાં એક મહાન અખતરો અજમાવાઇ ગયો છે. સદ્‌ભાગ્યે કેન્દ્ર ઉપરાંત લગભગ બધા જ પ્રદેશોમાં મહાસભાવાદી સરકાર પાછી સત્તા પર આવી છે. રાષ્ટ્રિય મહાસભાનું ધ્યેય ભારતવર્ષમાં વસતા સમગ્ર માનવ સમુદાયની ઉન્નતિ કરવાનું હોવાથી સમસ્ત જૈન સમાજે પણ હંમેશ મુજબ તેને સઘળી રીતે સાથ અને સહકાર આપી પોતાની ફરજ અદા કરવાની છે.

ઇતિહાસ કહી જાય છે કે જૈનોએ સૈકાઓથી રાજકારણમાં મોખરે રહી દેશની ઉન્નતિમાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો છે. કેટલાક રાજ્યોના દિવાનપદે પણ જૈનો હતા અને હાલની આઝાદી મેળવવા માટેની રાષ્ટ્રિય ચળવળમાં પણ જૈનોનો હિસ્સો નાનોસૂનો ન હતો. પરિણામે આપણે જોઇ શકીએ છીએ કે વડી તેમજ પ્રાદેશિક ધારાસભાઓની તાજેતરમાં જે ચૂંટણીઓ થવા પામી તેમાં જૈનોને બહુ સારી સંખ્યામાં સેવા કરવાની તક મળી છે. રાજકીય માર્ગે આગળ વધ્યા સિવાય સમાજ અને દેશની ઉન્નતિમાં, આપણો સમાજ ધારેલો ફાળો આપી ન જ શકે એ સમજાય તેવું છે. દેશ અને કાળને અનુરૂપ થવા માટે આપણે શું શું કરવાની જરૂર છે, તે વિચારવા માટે આપ સહુ અહીં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકત્ર થયા છો, તેથી મને ખાત્રી છે કે આપ એ દિશામાં ગંભીર વિચારણાઓ કરશો અને એવા નિર્ણયો પર આવશો કે જેથી આપણું ભાવી ઉજ્જવળ અને પ્રગતિમય બને. આ તકે આપ બધાને હું એક વિનંતી કરું તો તે અસ્થાને નહિ ગણાય. જૈન ધર્મને અને સંસ્કૃતિને અપનાવનાર કોઇપણ દેશ કે જ્ઞાતિની વ્યક્તિ હવે જૈન ગણાવી જોઇએ અને તેને જૈન તરીકેના સર્વ સામાજિક હક્કો પ્રાપ્ત થાય એવી જાહેરાત હવે આપણે કરવાની રહેશે. આમ કરવાથી જૈન ધર્મ પ્રત્યે મમત્વ રાખનારા હજારો ભાઇબ્હેનોનો માર્ગ મોકળો થશે. હવે સમય આવી લાગ્યો છે કે જ્યારે આપણા ધર્મને વિશ્વભરમાં વિસ્તારવો પડશે અને એમ થશે તો જ આ કોન્ફરન્સની સ્થાપના પાછળનો હેતુ સચવાશે. જૈન ધર્મ તો સ્યાદ્વાદનો છે અને દેશકાળ પ્રમાણે આપણે વિવેક વાપરી એને વિસ્તારવો જ રહ્યો. તો આજથી જ આપણે કાં ન જાગીએ ? આમ જ્યારે આપણા ધર્મને વિશ્વભરમાં વિસ્તારવાનો વિચાર કરીએ છીએ ત્યારે સહેજે જ આપણા જૈન સમાજની, અને તેમાં પણ શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગની એકતાનો પ્રશ્ન આપણી સામે આવીને ઊભો રહે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાં પણ આજે કેટલા બધા તડ છે ? આપણા વર્ગને સ્પર્શતા સવાલોનો આપણે બધા સાથે મળીને વિચાર પણ કરી શકતા નથી. આ સ્થિતિ હવે સત્વર દૂર થવી જોઇએ. આખા જૈન સમાજમાં એકતાની ભાવના ઊભી કરવા પાછળ પણ આપણા ચિત્તને કેન્દ્રિત કરવું જોઇએ. આ માટે જૈનો જૈનો વચ્ચે રોટી બેટીનો વ્યવહાર પણ હવે સહજ અને સરળ થવો જોઇએ. આપણા મહાન પર્વો પણ એક સરખા દિવસે ગોઠવાવા જોઇએ, ભિન્ન ભિન્ન સંપ્રદાયના સાધુ મુનિરાજોને જુદા રાખતી દીવાલ હવે એકદમ દૂર થવી જોઇએ. આવી એકતાની ભૂમિકા ઉભી કરવામાં નહિ આવે ત્યાં સુધી જૈન ધર્મને બહુમાન્ય બનાવવાનું સ્વપ્ન કદિ પણ આપણે સિદ્ધ કરી શકીશું નહિ.

ઘર આંગણેના કેટલાક સળગતા સવાલોનો પણ આપણે હવે ઉદાર ચિત્તે નિકાલ લાવવો પડશે. એક જ ધર્મ અને માર્ગને અનુસરતો આપણો મૂર્તિપૂજક સમાજ ચોથ અને પાંચમની તીથીના પ્રશ્નના યોગ્ય નીકાલના અભાવે વ્હેંચાએલો રહે એ હવે જમાનાને અનુરૂપ નથી. દીક્ષાર્થીઓની યોગ્યતાના પ્રશ્નનો સવેળા ઉદારચિત્તે નિકાલ લાવીશું તો જ આપણા પોતાના અને દેશના સર્વાંગી વિકાસમાં યોગ્ય ફાળો આપી શકીશું.

આપણા કોન્ફરન્સના ગત અધિવેશનોએ શ્રાવક શ્રાવિકા ક્ષેત્રના ઉત્કર્ષ માટે કરેલ ઠરાવ હવે વિસ્તૃત વિચારણા માગી લે છે. એ દિશામાં છેલ્લા એક વર્ષના ગાળા દરમ્યાન થયેલા પ્રયાસો આવકારદાયક છે. પણ એટલેથી ધારેલી નેમે જલદી ન પહોંચાય એ આપ સૌ સમજી શકશો. આપણા સમાજે શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે ઝડપી વિકાસ સાધવો જ પડશે અને તેમ કરતાં કરતાં રાજકીય ક્ષેત્રે વિકાસ પામતાં, ધંધા વેપાર અને ઉદ્યોગોમાં આગળ વધવું પડશે. આમ કરશું તો જ દેશની સમૃદ્ધિમાં ઠીક ઠીક પ્રમાણમાં વધારો કરી શકીશું અને શ્રાવક શ્રાવિકાનો ઉત્કર્ષ કરવાની આપણી સૌની સદ્ભાવના બર આવી શકશે. આપમાંના ઘણા ભાઇબ્હેનો દેશના દૂર દૂરના ભાગમાંથી અગવડો અને અડચણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેઠીને સમાજ અને દેશનો ઉત્કર્ષ કરવાની પવિત્ર ભાવના સાથ અહીં પધાર્યા છો. આપમાંના ઘણા ભાઇબ્હેનો સંસ્કારી, સાહસિક અને સેવાવૃત્તિવાળા છે, તો આપ સૌને અને મુંબઇના શાહ સોદાગરો, મુરબ્બીઓ અને મિત્રોને એ દૃષ્ટિએ વિચારવા અને શક્ય તે કરી છૂટવાની આ તકે આગ્રહભરી અપીલ કરું છું.

આ મહાન્ મુંબઇ નગરીની વિશિષ્ટતાઓ અનેકવિધ છે. ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય પ્રશ્નોના ઉદ્દભવમાં, ઉત્થાનમાં અને તેના સુખદ છેવટમાં સફળ સંચાલન કર્યાના એના ઇતિહાસના પાને અનેક દાખલાઓ નોંધાયેલા સાંપડશે. એક જ દાખલો આપું. પરદેશી સરકારની ગુલામીમાંથી દેશને મુક્ત કરીને આઝાદી પ્રાપ્ત કરાવનાર રાષ્ટ્રિય મહાસભાની સ્થાપના આ જ મુંબઇ નગરીમાં આજથી ૬૫ વર્ષ પહેલાં કરવામાં આવી હતી. એ જ આઝાદીની લડતનો છેલ્લો તબક્કો ' કરેંગે યા મરેંગે 'ની–યુદ્ધ ઘોષણા પણ ૧૯૪૨ ની ઑગષ્ટની ૮ મી તારીખે આ મુંબઇ નગરીમાંથી જ કરવામાં આવી હતી. આ છેલ્લા આઝાદી જંગના પરિણામે ૩૫ કરોડની પ્રજા પરદેશી સરકારની ધુંસરીમાંથી મુક્ત બની અને દેશ આઝાદ થયો. જૈન સમાજના ઉત્થાન માટે, હું આશા રાખું છું કે વિષયવિચારિણી સમિતિ, જેની પહેલી બેઠક આજે રાત્રે મળશે તેના માનનીય સભ્યો, સમાજ અને દેશના સર્વાંગી વિકાસનું દૃષ્ટિકોણ નજર સમક્ષ રાખીને વિશાળ દૃષ્ટિથી વિચાર–વિનિમય કરી, આ અધિવેશનના વિદ્વાન્ પ્રમુખ શ્રી અમૃતલાલ દોશીની દોરવણી નીચે યોગ્ય ઠરાવો ઘડી મુંબઇ નગરીની વિશિષ્ટતા સાચવશે.

છેવટે જેમણે વર્ષો સુધી કોન્ફરન્સની સેવા કરી છે, અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢયો છે, અડચણો વખતે અડગતાથી ઊભા રહ્યા છે અને છેલ્લા સવા બે વર્ષ થયા જેમણે કોન્ફરન્સનું કાર્ય સતત મહેનત લઇ આગળ ધપાવ્યું છે એવા સમાજના એકનિષ્ઠ આગેવાન અને કોન્ફરન્સના નિવૃત્ત થતા પ્રમુખ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, જે. પી. ને તેમની અનેકવિધ સેવાઓ માટે આ તકે હાર્દિક અભિનંદન આપું છું. તેઓશ્રી આ કોન્ફરન્સના પ્રમુખપદેથી જો કે ફારેગ થાય છે, છતાં પણ મને ખાત્રી છે કે તેઓ કોન્ફરન્સની એકધારી સેવા કરતા રહેશે અને તે દ્વારા જૈન સમાજને આગળ ધપાવવામાં હંમેશા મહત્વનો ફાળો આપતા રહેશે.

આ રીતે પ્રસંગોચિત કેટલાક વિચારો રજૂ કર્યા બાદ આ ઓગણીસમા અધિવેશન માટે વરાએલા પ્રમુખ શ્રી અમૃતલાલ કાલીદાસને મારા તરફથી હાર્દિક આવકાર આપું છું. શ્રી અને સરસ્વતીનો સુયોગ હોય એવી જૈન સમાજની કેટલીક વિરલ વ્યક્તિઓમાંના તેઓ એક છે. વળી આજ સુધી તેમણે જૈનધર્મ અને સાહિત્યની અનેક પ્રકારે સેવા કરી છે. જૈનધર્મ વિષે તેઓ ઊંડી નિષ્ઠા અને શ્રદ્ધા ધરાવે છે. આવા અવસરે કોન્ફરન્સના સૂત્રધાર તરીકે આવી વ્યક્તિ આપણને પ્રાપ્ત થાય એ હું આપણું મોટું સદ્દભાગ્ય સમજું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓગણીસમા અધિવેશનના ઠરાવો

## ૧. શોક પ્રસ્તાવ.

( ૧ ) પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી જિનઋદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ, આચાર્ય મહારાજ શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, ઉપાધ્યાયજી શ્રી દયાવિજયજી મહારાજ સાહેબ, તથા અન્ય મુનિવર્યોના કાળધર્મ પામવાથી જૈન સમાજને મોટી ખોટ પડી છે તે માટે કોન્ફરન્સનું આ અધિવેશન પોતાનું દુઃખ પ્રદર્શિત કરે છે અને તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

( ૨ ) કોન્ફરંસ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શેઠ રતિલાલ વર્ધમાન શાહ ( સુરેન્દ્રનગર ), શેઠ મૂળચંદ આશારામ વૈરાટી ( અમદાવાદ ), શેઠ બબલચંદ કેશવલાલ મોદી ( મુંબઇ ), શેઠ પુલચંદજી ઝાબક ( મદ્રાસ ), શેઠ પોપટલાલ કેવળદાસ ( મુંબઇ ), શેઠ સુમેરમલજી સુરાણા, શેઠ નેમીચંદજી કોચર, શેઠ કીશનદાસ ભુખણદાસ ( માલેગામ ), શેઠ બી. એન. મેસરી (મુંબઇ), અને શેઠ ખેતસી ચત્રભૂજ( મુંબઇ )ના અવસાન બદલ કોન્ફરંસનું આ અધિવેશન અત્યંત ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે.

**પ્રમુખસ્થાનેથી.**

## ૨. ધાર્મિક શિક્ષણ.

( અ ) સુસંસ્કાર અને સચ્ચારિત્રની વૃદ્ધિ માટે ધાર્મિક શિક્ષણ અતિ અગત્યનું હોઇ આ અધિવેશન સમગ્ર જૈન સમાજને ભલામણ કરે છે કે–પોતાના પરિવારને ધાર્મિક શિક્ષણ આપવા માટે પૂરતો પ્રયાસ કરવો. શિક્ષણ સંસ્થાઓને આગ્રહ કરે છે કે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ યોગ્ય સ્વરૂપમાં મળી રહે તેવો પ્રબન્ધ કરવો, તથા પ્રકાશન સંસ્થાઓને વિજ્ઞપ્તિ કરે છે કે–જનતાની ધાર્મિક ભાવના વધે તેવું સાહિત્ય સરળ, રુચિકર અને તુલનાત્મક શૈલીમાં આકર્ષક ઢબે બહાર પાડવું.

( આ ) ધાર્મિક શિક્ષણના અભ્યાસક્રમનું પુનરાવલોકન કરવાની તથા તે પ્રમાણે પાઠ્ય પુસ્તકો યોજવાની શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડને તે દિશામાં ઘટતા પ્રયાસો કરવાની ભલામણ કરે છે.

રજુ કરનારઃ—

**શ્રી રતનચંદજી ગોલેચ્છા**–જબલપુર.

અનુમોદનઃ—

**લાલચંદજી ઢઢ્ઢા**, મદ્રાસ.

**વાડીલાલ જીવરાજ**, મુંબઇ.

**ભાઇચંદ નગીનભાઇ ઝવેરી**, મુંબઇ.

**શ્રી દામજી વેલજી**, નાગલપુર, ( કચ્છ )

## ૩. વ્યાવહારિક શિક્ષણ.

( અ ) આ અધિવેશન જ્ઞાનદાનના અપૂર્વ મહિમા તરફ સમાજનું લક્ષ ખેંચે છે અને એવો અભિપ્રાય ધરાવે છે કે–શિક્ષણનું કાર્ય કરતી જૈન સંસ્થાઓએ હુન્નર ઉદ્યોગ આદિ દ્વારા બને તેટલા સ્વાશ્રયી થવાનો પ્રયત્ન કરવો જોઇએ. વિદ્યાર્થીઓને નીતિમય, ઔદ્યોગિક જીવન તથા શારીરિક શ્રમનું મહત્વ સમજાવવું જોઇએ. તથા તેઓ તંદુરસ્ત, ખડતલ, સ્વાશ્રયી અને સંસ્કારી થાય તે જાતનો શિક્ષણક્રમ યોજાવો જોઇએ.

( આ ) જૈન શિક્ષણ સંસ્થાઓના પરસ્પર સહકાર, સંગઠન અને સંપર્કના હેતુથી આ સંસ્થાઓનું સંમેલન ભરાય તે માટે સ્થાયી સમિતિ પ્રયત્ન કરશે એવી આ અધિવેશન આશા રાખે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રજુ કરનાર:—

**શ્રી પ્રવીણચંદ્ર શિવજી,** મુંબઇ.

અનુમોદન

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ,** મુંબઇ.

**શ્રી ડો. બી. એમ. બાવીસી,** પાલીતાણા.

### ૪. શ્રાવક શ્રાવિકા ક્ષેત્રનો ઉત્કર્ષ.

શ્રાવક–શ્રાવિકા ક્ષેત્રના ઉત્કર્ષ માટે ફાલના તથા જુનાગઢ અધિવેશનમાં થયેલ ઠરાવ અનુસાર કોન્ફરન્સે જે પ્રવૃત્તિ અને પ્રયાસ કર્યા છે તેની આ અધિવેશન નોંધ લે છે અને તે ઠરાવને વધુ અમલી બનાવવા માટે નીચે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરે છે.

( અ ) જૈન સમાજે પ્રાપ્ત થતાં પ્રસંગોએ ખર્ચમાં કરકસર કરી બચતનો ઉપયોગ સાધર્મિક ભાઇઓના ઉત્કર્ષ માટે કરવો.

( બ ) શ્રીમંતો અને સાધનસંપન્નોએ શક્તિ પ્રમાણે સાધર્મિક ભાઇઓના ઉત્કર્ષ માટેના કોન્ફરંસે ઊભા કરેલા ફંડમાં ઉદારપણે ફાળો આપવો અને તેમને ઉદ્યોગ–ધંધે લગાડવા તરફ લક્ષ આપવું.

( ક ) સ્થાયી સમિતિએ વર્ષ દરમિયાન ઓછામાં ઓછા રૂા. ૨૫ અને વધુ ઇચ્છા મુજબ આપે તેવા ઓછામાં ઓછા એક હજાર દાતાઓ નોંધવા.

રજૂ કરનાર:–

**શ્રી નાથાલાલ ડી. પરીખ,**
M. L. A. J. P. મુંબઇ.

અનુમોદન:–

**પોપટલાલ રામચંદ શાહ,**
M. L. A પુના.

**મોહનલાલ દીપચંદ ચોકસી** મુંબઇ.

**રૂપચંદજી સુરાણા**

**ફુલચંદ હરિચંદ દોશી,** પાલીતાણા.

**શ્રી મોતીલાલ વીરચંદ શાહ,**
માલેગામ.

### ૫. રાષ્ટ્રોન્નતિ.

આ અધિવેશન રાષ્ટ્રોન્નતિના કાર્યમાં વધુ ભાગ લેવા જૈન સમાજને અનુરોધ કરે છે અને મધ્યસ્થ સરકાર, પ્રાદેશિક સરકારો અને બીજી સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓમાં દાખલ થઇ રાષ્ટ્રહિતના કાર્યમાં યથાશક્તિ સેવા આપવા ભલામણ કરે છે.

**પ્રમુખસ્થાનેથી**

### ૬. સંસ્કૃતિ રક્ષણ.

( ૧ ) ભારતવર્ષની વિદ્યાપીઠોમાં પ્રાકૃત તથા અર્ધમાગધી ભાષાનું અધ્યયન ઉચિત સ્થાન પામે.

( ૨ ) જૈન સ્થાપત્ય અને મૂર્તિના અવશેષો જૈન સમાજને મળે.

( ૩ ) જુદા જુદા ભંડારોમાં રહેલા જૈન સાહિત્યની વ્યવસ્થિત યાદી થાય તે માટે તથા

( ૪ ) પાઠ્ય પુસ્તકો તથા સાહિત્યમાં જૈન ધર્મની હકીકતો સાચા સ્વરૂપે રજૂ થાય તે અંગે વ્યવસ્થિત પ્રયત્નો કરવા આ અધિવેશન જૈન સમાજનું ધ્યાન ખેંચે છે.

**પ્રમુખસ્થાનેથી**

### ૭. પુનર્ઘોષણા.

જૈનધર્મ અને સંસ્કૃતિને અપનાવનાર કોઇપણ દેશ, વર્ણ કે જ્ઞાતિની વ્યક્તિને જૈન ગણવાની અને તેને જૈન તરીકેના હક્કો આપવાની આ અધિવેશન પુનર્ઘોષણા કરે છે.

રજુ કરનાર:–

**શ્રી ખીમજીભાઈ એમ. ભુજપુરીઆ,**
જે. પી. મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુમોદનઃ-

**શ્રી પોપટલાલ રામચંદ શાહ.**
M. L. A. પુના.

**શ્રી રતિલાલ સી. કોઠારી,**
જે. પી. મુંબઈ.

**શ્રી મેઘજી વેલજી મોટા,** વાકું (કચ્છ).

**૮. બંધારણ.**

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના ચાલુ બંધારણમાં અત્યારે (૧) ઉદ્દેશ અને (૨) કાર્યવિસ્તારની નીચે મુજબ કલમો છે.

**૧. ઉદ્દેશઃ**–આ કોન્ફરન્સ કે જેનું નામ **શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ** રાખવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ જૈનને લગતા કેળવણીના પ્રશ્નો સંબંધમાં તેમજ ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય અને બીજા જૈન કોમ અને ધર્મ સંબંધી સવાલો ઉપર વિચાર ચલાવી યોગ્ય ઠરાવો કરવાનો અને તે ઠરાવોને અમલમાં મૂકવા માટે ઉપાયો યોજવાનો છે.

તદુપરાંત પોતાના ઉદ્દેશને અનુસરી સમાજના કોઈ પણ ટ્રસ્ટનો કોન્ફરન્સ સ્વીકાર કરશે.

**૨. કાર્યવિસ્તારઃ**—સમસ્ત જૈનકોમ–(સંઘ)ને લાગુ પડતા સવાલો જ કોન્ફરન્સ હાથ ધરશે. સંગઠનના ધ્યેયને લક્ષમાં રાખી ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો સીધી કે આડકતરી રીતે કોન્ફરન્સ હાથ ધરી શકશે નહિ.

ઉપરની કલમોને બદલે હવે પછી નીચે મુજબ કલમો રાખવા આ અધિવેશન ઠરાવે છે.

**૧. નામ**–સંસ્થાનું નામ "શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરંસ."

**૨. ઉદ્દેશ.**

(૧) જૈનધર્મ અને સમાજનો ઉત્કર્ષ થાય તેવા પ્રયત્નો કરવા અને તેના સર્વ પ્રકારના હિતોનું રક્ષણ થાય એવા પ્રયાસો કરવા.

(૨) વખતોવખત સમગ્ર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના પ્રતિનિધિઓના સમ્મેલનો અથવા અધિવેશનો ભરીને મજકુર સમાજને સ્પર્શતા ધાર્મિક, સામાજિક, આર્થિક, શિક્ષણ વિષયક અને અન્ય જાહેરહિતના સવાલોનું અવલોકન કરી તે અંગે યોગ્ય નિર્ણયો કરવા અને તેને અમલમાં મૂકવા પ્રયાસો કરવા.

(૩) જુદા જુદા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવાય તેવા પ્રયાસો કરવા.

(૪) ઉપર જણાવેલા ઉદ્દેશોને આધીન રહી મજકુર સમાજના લાભાર્થે થયેલા કોઈ પણ જાહેર ટ્રસ્ટનો સ્વીકાર કરવો.

**૩ કાર્યવિસ્તાર.**

સમસ્ત જૈન સમાજને લાગુ પડતા સવાલો કોન્ફરન્સ હાથ ધરશે. સંગઠનના ધ્યેયને લક્ષમાં રાખી ન્યાતના, સ્થાનિક સંઘના, મહાજનના અને પંચના તકરારી વિવાદગ્રસ્ત વિષયો કોન્ફરન્સના કાર્યક્ષેત્રની બહાર ગણાશે.

આ ઉદ્દેશોને આધીન રહી સંસ્થાનું બંધારણ ઘડવા આ અધિવેશન નીચેની સમિતિની નિમણુંક કરે છે. આ સમિતિને બંધારણનો ખરડો જાહેર અભિપ્રાયો મેળવી મોડામાં મોડો તા. ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૫૨ સુધીમાં સ્થાયી સમિતિ ઉપર મોકલી આપવો અને સ્થાયી સમિતિએ તે બંધારણનો ખરડો અખિલ ભારત જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ સમિતિની મંજુરી માટે તા. ૩૧ મી ડિસેમ્બર ૧૯૫૨ સુધીમાં રજૂ કરવો અને આ પ્રમાણે જે બંધારણ મંજૂર થાય તે બંધારણ તરત જ અમલમાં આવશે.

સમિતિના નામો.

**૧ ખીમજીભાઇ એમ. ભુજપુરીઆ**
**જે. પી. મુંબઇ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ ચીનુભાઇ લાલભાઈ શેઠ,
સોલિસિટર મુંબઇ.
૩ ધીરજલાલ ટોકરસી શાહ, મુંબઇ.
૪ તારાચંદ એલ. કોઠારી, મુંબઈ.
અને કોન્ફરન્સના મુખ્ય મંત્રીઓ.

દરખાસ્ત.

શેઠ ચીનુભાઇ લાલભાઇ
સોલીસીટર મુંબઇ.

અનુમોદનઃ-

ધીરજલાલ ટોકરશી શાહ, મુંબઇ.
શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, ,,
શ્રી તારાચંદ એલ. કોઠારી, ,,
શ્રી ધનરાજ ગુલરાજ, ગોલવડ.

### ૯ઃ કેશરીયાજી તીર્થ.

શ્રી કેશરીયાજી તીર્થમાં બોલી અને અન્ય શ્વેતાંબર સમાજના હક્ક વિગેરે વિષયમાં કોન્ફરન્સદ્વારા કઇ કાર્યવાહી કરવી યોગ્ય છે તેની તપાસ કરી સ્થાયી સમિતિ સમક્ષ રિપોર્ટ કરવા માટે નીચે મુજબ સભ્યોની સમિતિ નીમવામાં આવે છે. આ સમિતિના રિપોર્ટ પર સ્થાયી સમિતિ યોગ્ય કાર્યવાહી કરે.

૧ શ્રી ફુલચંદ શામજી, મુંબઇ.
૨ મોહનલાલ દીપચંદ ચોકસી, મુંબઇ.
૩ મનોહરલાલજી ચતુર, ઉદેપુર.
૪ ચતુરસીંહજી ગોરવાડા ,,
૫ મગનલાલ સીંગરવાડીઆ ,,
અને કોન્ફરંસના મુખ્ય મંત્રીઓ.

—પ્રમુખસ્થાનેથી.

### ૧૦. સંગઠન.

જૈન સમાજના બધા ફિરકાઓ વચ્ચે ભ્રાતૃભાવ અને નિકટતા કેળવાય તેમજ સર્વસામાન્ય પ્રશ્નો વિષે સહકારથી કાર્ય કરવા આ અધિવેશન જૈન સમાજને અનુરોધ કરે છે.

### ૧૧. આભાર.

કોન્ફરંસના નિવૃત્ત થતાં પ્રમુખ શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલ, ઉપ–પ્રમુખ શેઠશ્રી ફુલચંદ શામજી, મુખ્ય મંત્રીઓ શેઠશ્રી નાથાલાલ ડી. પરીખ, જે. પી. અને શેઠશ્રી ચંદુલાલ ટી. શાહ, જે. પી. ની સેવાઓની આ પ્રસંગે આ અધિવેશન નોંધ લે છે.

—પ્રમુખસ્થાનેથી.

### ૧૨. અખિલ ભારત સમિતિ અને ઓદ્દેદારોની નીમણુકો.

( અ ) શ્રી જૈન કોન્ફરંસની અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરંસ સમિતિની નીમણુંક કરવામાં આવી.

[ પ્રાંતવાર નામો............... ]

( બ ) શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસના મુખ્ય મંત્રીઓ તરીકે–શ્રી નાથાલાલભાઇ ડી. પરીખ અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીની નિયુક્તિ કરવામાં આવે છે.

( ક ) બંધારણ અનુસાર પ્રાંતિક મંત્રીઓ, સ્થાયી સમિતિ અને કાર્યવાહી સમિતિ તથા અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરંસ સમિતિમાં જે પ્રાંતોના સભ્યોની ચુંટણી ન થઇ હોય તે કરવા કોન્ફરંસના પ્રમુખશ્રીને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

દરખાસ્ત

શેઠ ફુલચંદ શામજીભાઈ.

ટેકો.

ખીમજીભાઇ એમ. ભુજપુરીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય

( ૩૦૫ )

## ફતેહને તમે ગૃહસ્થ માફક મળો પણ અણફતેહને માણસ જેમ મળો.

તમારું માથું ફેરવી નાખો નહિ. તમે ફાવ્યા હો તો ગૃહસ્થ બની જાઓ અને ફતેહને અપનાવી લો, પણ એનો નિશો ન ચઢવો જોઇએ અને જ્યારે એનો નિશો ચઢે ત્યારે તમે અંતે એક અદના માણસ છો એમ ધારી બેસો અને ગૃહસ્થને છાજે તે રીતે તમે ફતેહ સાથે વર્તો. તમને ફતેહ મળે તેથી તમે નાચવા–કૂદવા મંડી ન જ જશો, પણ જાણે તમે એક ગૃહસ્થ હો એ રીતે તમારી ફત્તેહ સાથે વર્તો. જો **નાચવા કૂદવાના** કે બીજા કોઇ એવા **ધાંધલમાં** પડી ગયા તો તમે ગૃહસ્થાઈ ચૂકી જશો અને પછી બાળક કે દારૂડીઆ જેમ તમારી ફતેહ સાથે વર્તશો, એ તમને છાજતું નથી, એમાં તમારો **જયવારો** નથી અને તમે ફાવવાના નથી. અંતે કોણ ફાવ્યો તે તો નક્કી કરવાનું છે, તે તમારે હાથમાં લેવાનું નથી અને ફેંસલો સાચો, છેવટનો, પક્ષપાતરહિતપણે કરનાર, તો કોઇ બીજો જ છે. એ જે હોય તે જોયું જશે અને પડશે તેવા તે વખતે દેવાશે, પણ એ તમારો વિષય નથી, તમારા તાબાનો નથી અને તમારા હાથમાં નથી. તમે તો જેવું આવે તેવું સહેવા બંધાયલા છો, માટે ગૃહસ્થને છાજે તેમ, ફતેહ સાથે વર્તો, અને ખરા **ગૃહસ્થ થાઓ.** તમારી તાકાત કેટલી છે તે અમે જાણીએ છીએ, શેકયો પાપડ ભાંગવાની પણ તાકાત તમારામાં નથી. એ તો બધું નક્કી કરેલા નિયમાનુસાર ચાલ્યા કરે છે. અને તમારો પડયો બોલ કોઇ ઊચકનાર નથી, એમાં તમારો અવાજ નથી. પણ વિપરીત સ્થિતિ વખતે તમે માણસની જેમ વર્તો અને ખરા માનવી થઇ જાઓ. એ આફતને કેમ જીરવવી, સહેવી–એ સર્વ તમે માણસ હશો તો જ **સમજી શકશો.** એનાં કારણમાં ન ઊતરતાં એને માણસ તરીકે કેમ સહેવી તે સમજો અને સર્વ સંયોગોમાં મનને કાબૂમાં રાખો અને લહેર કરો. આફત અનાદિ અનંત નથી, કાલ સવારે વાદળાં વિખરાઇ જશે, માટે સર્વનાં સર્વ દિવસ સરખા હોતા નથી એમ સમજી માણસ થઇ જાઓ અને આફત પણ તમને ઘટે તે રીતે જ સહન કરી જાઓ. ગોટો ચઢે તો જરા હિંગાષ્ટક લઇ લો અને વધારે પડતો વ્યાધિ થાય તો પણ માણસને શોભે તેમ વર્તો અને સમય જાળવી લો. કાંઇ સહુના સરખાં દિવસ જતા નથી અને જવાના છે એવું પ્રચ્છો એ તમારી ગણતરીમાં પણ નથી. તમે બીજાના દિવસો કેમ જાય છે તે સમજી લો અને ઝાડના પાંદડાં ગણો, પણ માણસને છાજે તેવું વર્તન કરો અને મોજમાં રહો. આફતથી ડરે તે માણસ નહિ અને વિપત્તિથી દૂર નાસે તે પણ માણસ નહિ. તમને માણસ તરીકે છાજે તેવું જ વર્તન કરો, કારણ માણસાઇની તમારી કિંમત ત્યારે જ થાય તેમ છે અને તમારામાં ડહાપણનો ખજાનો છે, તેનો ઉપયોગ પણ એ વખતે જ કરવાનો છે. તમે બરાબર માણસાઈને છાજે તેવું વર્તન કરો.

---

**Meet success like a gentleman and disaster like a man.**

*—Birkenhead.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩૦૬ )

## કોઈ પણ વાદવિવાદમાં જે ક્ષણે આપણે ગુસ્સે થઈ જઈએ ત્યારે સમજવું કે આપણે સત્યશોધનને બદલે આપણી જાત માટે જ પ્રયત્ન કરીએ છીએ.

**આ** જીવનમાં વાદવિવાદ તો થાય જ છે, પણ કેટલાક સત્યશોધનની ઇચ્છાથી વાદવિવાદ કરે છે અને સત્યને તારવે છે અને **સત્યશોધન માટે** પોતે ગમે તે ભોગ આપે છે. એમાં જ્યારે ધર્મના વાદવિવાદ ચાલે ત્યારે પોતાનો પક્ષ ખરો કરવા માણસ ગુસ્સે થઇ જાય છે. એ વખત ગરમ થવાનો નથી, પણ **સત્યશોધન** ઉપર તે છીણી મૂકે છે અને પોતાની વાતને અને સ્થાપનાને ત્રિરાશીઆ પેઠે એ પોતાની જાતને ગુસ્સે થઇ ગયેલી બતાવે છે અને સામો માણસ જો નબળોપોચો હોય તો તેનો ગેરલાભ પણ લે છે. દાખલા તરીકે પરભવ જેવી ચીજ હશે કે નહિ, ત્યાંથી કોઇ સમાચાર લઇ આવતું નથી. આપણાં સગાં જવાબ દેવા કે આપણી ભૂલ સુધારવા આવતા નથી, આપણને પરભવની આગમચેતી થતી નથી વગેરે આમ વાત ચાલે છે ત્યારે સામો ચર્ચા કરનાર ગુસ્સે થઇ અણઘટતું બોલે કે બીજી રીતે પોતાનો ગુસ્સો વ્યકત કરવા લાગે, અથવા હાથપગ પછાડે તો સમજવું કે એનો પદ્ધતિસર વાદવિવાદ કરવાની એને ઇચ્છા નથી. એ ગમે તેમ કરી પોતાનો વિજય ખરો કરવા ઇચ્છે છે, બાકી વાદવિવાદ કરવાના તર્કનિયમો છે. તટસ્થની નીમણુંકથી માંડીને પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઇએ અને તટસ્થનો નિર્ણય આખરી માનવો જોઈએ અને વાદવિવાદમાં દાખલાઓ તો જરૂર અપાય, પણ અપ્રસ્તુત વાત દાખલ થવી ન જોઇએ. જો વાદવિવાદના મુખ્ય પ્રશ્ન સાથે અપ્રસ્તુત વાત ભળી તો વાદનો છેડો આવે જ નહિ. એ પ્રમાણે ગુસ્સે થઇ જવાય તો સદરપક્ષની સત્યશોધન વૃત્તિ કાબૂમાં નથી, પણ એ પોતાનો એકડો ખરો કરવા માંગે છે એમ સમજવું અને માણસ જ્યારે અમુક વાત સ્પષ્ટ કરવા બેસે અને અસમંજસ બોલે અને **ગાળો ભાંડે કે ગુસ્સે થાય** ત્યારે તેની **સત્યશોધન વૃત્તિને હડતાળ લાગી જાય** છે અને તે પોતાનો એકડો ખરો કરવા ગમે તેવા ઘેલાં કાઢે છે એમ સ્પષ્ટ થઇ જાય છે. એટલા ઉપરથી સમજવું કે **સત્યશોધનની વાતને બહુ વજુદ આપવાની વાદવિવાદમાં આવશ્યકતા** છે અને **પોતાના મગજ પર કાબૂ રાખવાની પણ તેટલી જ જરૂર** છે. જેઓ સત્ય ખાતર જિંદગી અર્પનાર છે તેઓ પણ સત્યાસત્યની ચર્ચામાં નિયમને તાબે ન થાય ત્યારે જરૂર આશ્ચર્ય થાય અને સામા ક્રોધી માણસની દયા ખાવા આપણે પ્રેરાઇએ. એ પ્રેરણા સાર્વજનિક છે અને વિશુદ્ધ છે. સારા માણસે આવા **ક્રોધીની દયા ખાવી.** પણ તેની વાતનો સ્વીકાર કરવો નહિ, કારણ સત્ય એ જુદી વાત છે. અને ગુસ્સે થવું કે ધમપછાડા કરવા એ દલીલનું દેવાળું છે. સારો વકતા કે વાદી કદી ગુસ્સે થાય નહિ. ગુસ્સે થઇને પોતાની જાત પરનો કાબૂ ખોવો એ એક પ્રકારનો વ્યાધિ છે અને વ્યાધિગ્રસ્ત સાથે વાદવિવાદ ન કરવો એવો નિયમ છે, સદુપદેશ છે.

**સ્વ૦ મૌક્તિક**

In any controversy the instant we feel anger we have already ceased striving for truth and have begun striving for ourselves.

—*Carlyle.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ.

૧. **श्रीषोडशक प्रकरण-पूर्वार्द्ध** ( પ્રતાકાર ) કર્તા આચાર્યશ્રી હરિભદ્રસુરિજી મહારાજ છે. આ પ્રતમાં પ્રથમના સાત ષોડશક આપવામાં આવ્યા છે. સ્વોપજ્ઞવૃત્તિ હોવાથી સમજવામાં સરલતા સારી રહે છે. ધર્મેચ્છુલિંગ, લોકોત્તરતત્ત્વપ્રાપ્તિ, જિનમંદિર અને જિનબિંબ વગેરે ષોડશકો ભાવવાહી અને સમજીને આચરણમાં મૂકવા યોગ્ય છે. પચીશ ફારમનો આ ગ્રંથ સાધુ-સાધ્વીજી મહારાજ તથા જ્ઞાનભંડારોને પ્રકાશક તરફથી ભેટ આપવામાં આવે છે. લુહારની પોળ જૈન ઉપાશ્રય-અમદાવાદ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને ૦-૬-૬ ના સ્ટાંપ શ્રી ચીનુભાઈ ત્રિકમલાલ શ્રોફ, ૨૨૦૮ માણેકચોક-અમદાવાદ એ શિરનામે મોકલવાથી ભેટ મળી શકશે. સંપાદક પં. અમૃતલાલ સંઘવીનો પ્રયાસ સારો છે.

૨. **શ્રી સિદ્ધચક્ર બૃહત્ પૂજનવિધિ**-( પ્રતાકાર ) શ્રી સિદ્ધચક્રજીના માહાત્મ્યથી આજે કોણ અજાણ્યું છે? આ યંત્રોદ્ધાર પરાપૂર્વથી ચાલ્યો આવતો હતો, પણ તેના વ્યવસ્થિત પૂજનની પૂરી માહિતી ન હતી તે પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરિજી મહારાજે પરિશ્રમપૂર્વક તૈયાર કરેલ અને ધીમે ધીમે તે પૂજનનો પ્રચાર વધતો ગયો. સૌ કોઈ તેનો લાભ લઈ શકે તે માટે આ પૂજનવિધિ પ્રતાકારે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ પ્રતમાં ઘણી ઉપયોગી સામગ્રી આપવામાં આવી છે. શ્રી ફતાસાની પોળ નવપદ આરાધક મંડળ-અમદાવાદની પ્રેરણાથી શ્રી નેમિ-અમૃત-ખાંતિ-નિરંજન ગ્રંથમાળા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી છે. છેવટે શ્રી "સિદ્ધચક્ર મહાયંત્ર" જુદા કાગળ ઉપર નકશારૂપે છાપેલો આપી પૂજન કરનારને સમજવાની સરલતા કરી આપવામાં આવી છે. પ્રયાસ પ્રશંસનીય તેમજ સ્તુત્ય છે.

૩. **સૌરભ**—શ્રી ચિત્રભાનુ ગ્રંથાવલીનું આ ત્રીજું પુષ્પ છે. લેખક-પ્રસિદ્ધવકતા મુનિમહારાજ શ્રી **ચંદ્રપ્રભસાગરજી** ( ચિત્રભાનુ ) છે. "જૈન" સાપ્તાહિકમાં તેમજ આપણા "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં પ્રસંગોપાત જે ચિંતન-કણિંકાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ તે ઉપરાંત બીજી ઘણી ચિંતન-કણિંકાઓ આમાં સંગ્રહીત કરવામાં આવેલ છે. લગભગ દરેક ચિંતનની સાથે ભાવવાહી ચિત્ર આપી આકર્ષકતામાં ઉમેરો કર્યો છે.

મહારાજશ્રીની પ્રજ્ઞતા જાણીતી છે. દરેક વાકય અને કણિંકા ઊંડું ચિંતન પૂરું પાડે છે. પુસ્તકનું ભાવવાહી જેકેટ અને સુંદર આકર્ષક છપાઈ વિગેરે તેની મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. દરેક વિચારકે વાંચવા જેવું પુસ્તક છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૨૦ મૂલ્ય રૂા. ૧-૧૨-૦.

૪. **પ્રજ્ઞાવબોધ મોક્ષમાલા**—કર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. ભાઈ શ્રી ભગવાનદાસભાઈની અધ્યાત્મપ્રિય કલમથી કોણ અજાણ છે? તેમના યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથ પછીનું આ પ્રકાશન તેટલું જ પ્રશંસાપાત્ર છે. એક સો આઠ શિક્ષાપાઠોમાં વિવિધ વસ્તુની ગૂંથણી કરી મુમુક્ષુ આત્માને ઉપયોગી સાધન પૂરું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાડે છે. આ પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા ખરેખર પ્રજ્ઞાને જાગૃત કરી મોક્ષની સન્મુખ બનાવે તેવી છે. ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠો પાકી કપડાંની સીલાઇ છતાં મૂલ્ય માત્ર રૂા. ૨–૮–૦ અમારી સભામાંથી મળી શકશે.

૫. **પાંચ પુષ્પો** ( પુષ્પ નં. ૬ થી ૧૦ ) ધર્મબોધ–ગ્રંથમાળાનો આ બીજો ગુચ્છક છે, જેમાં સુધર્મનું સ્વરૂપ, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ, સમ્યક્ચારિત્રનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને દાનધર્મનું સ્વરૂપ આધુનિક રોચક શૈલીએ અને સૌ કોઇ સમજી શકે તેવી હળવી ભાષામાં દર્શાવવામાં આવ્યું છે. ખાસ કરીને પાઠશાળાના શિક્ષકોએ પાઠશાળાના બાળકો વચ્ચે વાંચવાં જેવી આ પુસ્તિકાઓ છે. વચ્ચે વચ્ચે પ્રાસંગિક કથાઓ આપી દરેક વિષયનો રસ જળવાઇ રહે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાળાના પ્રેરક પૂ. મુનિરાજશ્રી યશોવિજયજીનો આ દિશાનો પ્રયાસ સ્તુતિપાત્ર છે. મૂલ્ય દરેક પુસ્તિકના દસ આના.

૬. **સામાયિક યોગ**—સંપાદક–મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મહારાજ. સામાયિકને લગતી વિધિ, સામાયિકનો રહસ્યાર્થ, સામાયિકના આઠ પર્યાયવાચક નામો અને તે દરેક ઉપરની કથાઓ ઉપરાંત સજ્ઝાય, ચાર શરણાં વિગેરે ઉપયોગી સંગ્રહ છે. સંપાદકશ્રીનો પ્રયાસ સારો છે. પૃષ્ઠ આશરે દોઢસો. પ્રકાશક શાહ દેવજી જેઠાભાઇ, જકરીયા બીલ્ડીંગ, મુંબઇ. નં. ૨૮ તરફથી ખપીજીવને ભેટ મોકલવામાં આવે છે.

૭. **જૈન બાળ ગ્રંથાવલી ( શ્રેણી ત્રીજી )** સંપાદક—શ્રી જયભિખ્ખુ, પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ. પ્રથમની બે શ્રેણીની માફક આ ત્રીજી શ્રેણી પણ લોકપ્રિય નીવડી છે. ભગવાન શાંતિનાથ, શ્રી ભદ્રબાહુસ્વામી, મહામુનિ હરિકેશી, બેમો દેદરાણી, મહામંત્રી ઉદયન, ધન્ય અહિંસા, સત્યનો જય, વિગેરે રોચક ૧૬ કથાની પુસ્તિકાનો આ સંગ્રહ છે. મૂલ્ય રૂા. ત્રણ.

૮. **યોગશાસ્ત્ર**—સંપાદક શ્રી ગોપાલદાસ જીવાભાઇ પટેલ, પ્રકાશક–ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ. શ્રી પૂંજાભાઇ ગ્રંથમાળાનો આ પંદરમો મણકો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર ઉપર વિશદ્ધ દૃષ્ટિથી વિવેચન કરવામાં આવ્યું છે. દશ પ્રકરણોમાં યોગ, ધ્યાન, દિનચર્યા, અતિચાર, આત્મજ્ઞાનનાં સાધન વિગેરે વિષયો પર તલસ્પર્શી વિવેચન કરવામાં આવ્યું છે. ટિપ્પણો અને પૂર્તિ આપી ગ્રંથને સમૃદ્ધ બનાવ્યો છે. મૂલ્ય રૂપિયા અઢી, આવૃત્તિ બીજી.

૯. **સન્મતિ પ્રકરણ**—સંપાદકો પંડિત સુખલાલજી સંઘવી તથા પંડિત બેચરદાસ દોશી. પ્રકાશક ગૂજરાત વિદ્યાપીઠ–અમદાવાદ. મહાતાર્કિક આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકરકૃત આ તત્ત્વજ્ઞાનના પ્રકરણનો સુબોધ અને સરલ રીતે અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસંગોપાત્ત વિવેચન દ્વારા આ કઠિન વિષયને સમજાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે, સંપાદકશ્રીનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે. આવૃત્તિ બીજી, મૂલ્ય રૂપિયા ચાર.

—卐—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


પ્રગટ થયો છે. અપ્રાપ્ય ગ્રંથ

## શ્રીત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર—ભાષાંતર

આવૃત્તિ છઠ્ઠી [ પર્વ. ૧—૨ ] મૂલ્ય રૂપિયા છ

છેલ્લાં પાંચેક વર્ષથી આ ગ્રંથ મળતો ન હતો તેની છઠ્ઠી આવૃત્તિ અમોએ છપાવીને હાલમાં બહાર પાડી છે. ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રને માટે વિશેષ શું લખવાનું હોય? કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની આ કૃતિ સર્વોત્તમ છે. આપણા જૈન-સાહિત્યમાં સુવર્ણ કળશ સમાન છે. તમારી નકલ આજે જ મંગાવી લેશો.

પાકું હૉલકલૉથ બાઇંડીંગ, ક્રાઉન આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ, ઊંચા હોલૅંડના કાગળો

**મૂલ્ય રૂપિયા છ**

લખો-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

અવશ્ય વાંચવા લાયક સમજીને જીવનમાં ઉતારવા લાયક

### સાદી ને સરલ ભાષામાં લખાયેલા

## પાંચ ટેકટો

૧ ધર્મામૃત ( સુધર્મ ) ૦-૧૦-૦

૨ શ્રદ્ધા અને શક્તિ (દર્શન) ૦-૧૦-૦

૩ જ્ઞાનોપાસના ( જ્ઞાન ) ૦-૧૦-૦

૪ ચારિત્રવિચાર (ચારિત્ર) ૦-૧૦-૦

૫ દેતાં શિખો ( દાન ) ૦-૧૦-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

---

તાજેતરમાં જ બહાર પડયું છે

## પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા. ડૉ ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે એક સો **શિક્ષાપાઠો** આપી તેમાં વિવિધ વિષયો તેમ જ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે **હિતાર્થી પ્રશ્નોત્તરો** આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળ પેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલ કલૉથ બાઈંડીંગ, મૂલ્ય રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# શ્રી આનંદઘનજી-ચોવીશી

## [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઈડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

---

# સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧-૪-૦ પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

---

# દેવવંદનમાળા ( વિધિ સહિત )

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઈ પડેલ છે. પાકું બાઈડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

# જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઈની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only